# ધર્મામૃત

[ સુ-ધર્મનું સ્વરૂપ ]

卐

ધર્મબોધ ગ્રંથમાળા

પુષ્પ : ૬ :

ધર્મબોધ ગ્રંથમાળા–પુષ્પ છઠ્ઠું

# ધર્મામૃત

## [ સુધર્મ ]

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી–લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ–વડોદરા.

: પ્રકાશક :
મુક્તિકમલ જૈન મોહનગ્રંથમાળા
રાવપુરા–વડોદરા.

આવૃત્તિ પહેલી.

પહેલી વાર

**દસ આના**

વિ. સં. ૨૦૦૮ વસંતપંચમી.

: મુદ્રક :
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રીં. પ્રેસ–ભાવનગર.

# આભાર-દર્શન

ગામ થોરડી( ગોધા )ના વતની સરવૈયા શા. પ્રેમચંદ રાયચંદના ધર્મપત્ની અને સરવૈયા શ્રી લક્ષ્મીચંદ રાયચંદના ભત્રીજા ભાઇ શ્રી પ્રવીણચંદ્ર, કિશોરચંદ્ર અને જગદીશચંદ્રના ધર્મશ્રદ્ધાળુ માતુશ્રી હીરાબહેને સં. ૨૦૦૮ માં ઘાટકોપરમાં કરેલી ઉપધાન તપ આરાધના પ્રસંગે આ ગ્રન્થમાળાનું પ્રકાશન સસ્તું રાખવામાં જનારી ખોટમાં આપેલી સહાય બદલ તેમનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

—પ્રકાશક

# આદિ વચન.

'ધર્મબોધ ગ્રંથમાલા' જેની શરૂઆત વિ. સં. ૨૦૦૭ માં થઈ હતી, ત્યારે તેમાં વીશ પુસ્તકો પ્રગટ કરવાની જાહેરાત કરેલી, તેમાં પ્રથમનાં પાંચનું ગુચ્છ ગત સાલમાં બહાર પાડેલું અને અમારા માનનીય ગ્રાહકો તથા વાંચકોને પહોંચાડવામાં આવ્યું હતું. હવે પુષ્પ સંખ્યા ૬ થી ૧૦ નું બીજા પાંચ પુસ્તકોનું ગુચ્છ પ્રગટ કરતાં અમોને ઘણો આનંદ થાય છે અને ગ્રંથમાળાના માનનીય ગ્રાહકો અને પ્રેમી વાંચકો જરૂર તેનો હાર્દિક સત્કાર કરશે

ચોથા પાંચમા પુષ્પમાં સદ્દેવ, સદ્ગુરુનું સ્વરૂપ બતાવવામાં આવ્યું હતું, જ્યારે બીજા ગુચ્છના છઠ્ઠા પુષ્પમાં સદ્ધર્મનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. અર્થાત્ માનવમાત્રે પોતાના કલ્યાણ માટે વિશ્વના અનેક ધર્મો પૈકી કયા કલ્યાણકર શુદ્ધ ધર્મનું સેવન કરવું જોઈએ તેનું સુંદર રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, જેથી તેનું નામ "ધર્મામૃત" રાખવામાં આવ્યું છે.

ત્યારપછીના ૭, ૮, ૯, પુષ્પમાં, મોક્ષમાર્ગના અનન્યકારણભૂત 'સમ્યગ્દર્શન' ( શ્રદ્ધા ), 'જ્ઞાન' અને 'ચારિત્ર'નું સુંદર સ્વરૂપ ઓળખાવી, તેમાં તેની મહત્તા અને ઉપાસના કેવી રીતે કરવી જોઈએ તે અને તદારાધનથી થતી ફલપ્રાપ્તિ, વગેરે સ્વરૂપ દાખલા, દલીલો, સુંદર તેમજ બોધક દ્રષ્ટાંતો સાથે સુંદર શૈલીએ આલેખવામાં આવ્યું છે.

ત્યારપછીના દશમા પુષ્પમાં અર્હંત્ તીર્થંકરોએ ધર્મના દાન, શીલ, તપ અને ભાવરૂપે જે ચાર મૂળ પાયા બતાવ્યા છે, તે પૈકી મૂર્ધન્યરૂપ લેખાતા 'દાન' ધર્મનું સ્વરૂપ, તેનો મહિમા ને તેની સર્વોપરિતા દૃષ્ટાંતો સાથે આલેખવામાં આવી છે.

હવે પછીના ત્રીજા ગુચ્છમાં શીલ, તપ, ભાવ, પાપનો પ્રવાહ (૧૮ પાપસ્થાનક) અને બે ઘડી યોગ (સામાયિક) પ્રગટ થશે, ને ત્યારપછી ચોથા ગુચ્છમાં મનનું મારણ ( ધ્યાન ), પ્રાર્થના અને પૂજા ( પ્રતિક્રમણ ), ભક્ષ્યાભક્ષ્ય, જીવનવ્યવહાર અને દિનચર્યા આ નામનાં પુષ્પો બહાર પડશે.

પ્રથમ સેટ ( ગુચ્છ ) બહાર પડયા પછી જેણે જેણે તે પુસ્તકો જોયા અને વાંચ્યા તે સહુએ ખૂબ પ્રશંસ્યા ને સત્કાર્યા છે. તેનું લખાણ, તેની શૈલી, તેમજ સારા કાગળો, સારી છપાઇ ને સુંદર દ્વિરંગી પૂંઠાની ભવ્યતા એમ છતાં પ્રચારાર્થે પડતરથી પણ ઓછી કિંમતે અપાતી પુસ્તિકાઓ માટે ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છે. જૈનેતરો પણ નાનકડી છતાં ધર્મબોધક આ પુસ્તિકાઓ માટે મુગ્ધ બન્યા છે.

અમોને આ વીશ પુસ્તકોનાં પ્રકાશન પાછળ લગભગ પાંચથી છ હજારની ખોટ જાય તેવો અંદાજ છે. એ ખોટ ખાઇને પણ જનતા આનો લાભ વિશેષ ઉઠાવે એ માટે પડતરથી પણ ઓછી કીંમત રાખી છે.

આ વખતના ગુચ્છના કેટલાક કાગળો મોંઘા ભાવના લેવા પડયા છે અને હવે પછીના દશ પુસ્તકો માટે પણ અમારે પ્રથમ ગુચ્છ કરતાં વધેલા ભાવો જોતાં લગભગ ડબલ ભાવે કાગળો ખરીદવા પડે તેમ છે. જયારે સંસ્થાએ તો જૂની ખરીદીના હિસાબે ગણત્રી કરીને વીશ પુસ્તકોના દશ રૂપીયામાં

ગ્રાહકો નોંધ્યા છે. તો હવે શું કરવું ? તે પ્રશ્નનો તોડ બે રીતે નીકળી શકે: એક તો નવા ગ્રાહકો માટેના લવાજમમાં વધારો કરવો. કાં તો થતી નુકશાની ધર્મપ્રચારમાં શ્રદ્ધા ધરાવતાં ઉદાર સદ્‌ગૃહસ્થો આર્થિક મદદ કરી દૂર કરે. જો કે અમને લવાજમ વધારવું ગમતું તો નથી, પણ આર્થિક પ્રશ્ન જ્યારે ન ઉકેલાય ત્યારે અમારા માટે અન્ય ઉપાય પણ ન રહે.

બીજી બાજુ જોઈએ તેવા પ્રચારના અભાવે હજુ અમે ગ્રાહક-સંખ્યા વધારી શકયા નથી. જયાં સુધી પંચોતેર ટકા ગ્રાહકો ન થાય ત્યાં સુધી ગ્રંથમાળા આર્થિક મુશ્કેલી શીરીતે વટાવી શકે ? માટે પરમપૂજ્ય મુનિવરો, પૂજ્ય સાધ્વીજીમહારાજો, ધર્મશ્રદ્ધાળુ શ્રાવકો ને શ્રાવિકાઓને જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં આ ગ્રંથમાલાના વીશ પુસ્તકનાં સટના ગ્રાહકો થવા માટે પ્રેરણા કરે, તેમજ પ્રભાવના તરીકે છૂટક પુસ્તકોનો પણ ઉપયોગ કરાવે, તેમજ જુદી જુદી સંસ્થાઓ અને ધર્મપ્રચારમાં રસ ધરાવતા સાહિત્યસેવકો પણ આ ગ્રન્થમાળાના પ્રચારમાં મદદ કરે તો અમને ઘણી રાહત મળે.

વળી ગ્રંથમાળાના થયેલા અમારા માનનીય ગ્રાહકોને વિનમ્ર વિનંતિ કે-તમો બબ્બે નવા ગ્રાહકો જો બનાવી આપો તો ગ્રંથમાળા તમારો મહદ્ ઉપકાર માનશે ને ધર્મપ્રચારમાં સહાયક બન્યાનું પુણ્ય હાંસલ થશે.

આ બીજો સટ મૌન એકાદશીએ પ્રગટ કરવાની ભાવના છતાં કેટલાક અનિવાર્ય કારણોને લીધે વિલંબ થયો છે તે માટે વાંચકો ક્ષમા કરશે. ત્રીજું ગુચ્છ જલદી બહાર પાડવા માટે પૂરતા પ્રયાસ કરીશું તેની ગ્રાહકો ખાત્રી રાખે.

આ ગ્રંથમાળાના પ્રગટ થતાં પુસ્તકોના લેખક જાણીતા

વિદ્વાન્ શતાવધાની શ્રીયુત્ ધીરજલાલ ટોકરશી શાહ છે. તેઓ ઘણો શ્રમ ને ઊંડું મનન કરવાપૂર્વક લોકભોગ્ય શૈલીમાં દરેક પુસ્તિકાઓ સુંદર રીતે તૈયાર કરી રહ્યા છે, તે માટે તેઓ ધન્યવાદાર્હ છે.

જે ગૃહસ્થોએ આ પુસ્તકમાં થનારી ખોટમાં જે કાંઇ મદદ આપી છે તેમનો તથા ગ્રંથમાલાના જન્મથી જ સહાનુભૂતિ ધરાવતા જયંત મેટલવાળા ધર્મશ્રદ્ધાળુ શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ, મુંબઈ ગોડીજીના માનનીય ટ્રસ્ટી શ્રીમાન્ ભાઈચંદભાઈ તથા મુંબઈના પીઢ ને કાર્યક્ષમ સેવાભાવી શ્રીયુત્ શાંતિલાલ મગનલાલ શાહ, શેઠ મગનલાલ મૂલચંદ વગેરેનો તથા પુષ્પોનું લખાણ તથા પ્રૂફો જોવામાં અનેકશઃ સહાયભૂત થનાર જ્ઞાનરત શ્રી ફત્તેચંદ ઝવેરચંદ ભાવનગરવાળાનો તથા મહોદય પ્રિન્ટીંગ પ્રેસનો તથા શા બાલુભાઇ રૂગનાથનો, આર્થિક સહાયકોનો તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષરીતિએ સહાયક થનારા સહુ કોઈનો આભાર માનવામાં આવે છે.

પૂજ્યપાદ વિદ્વદ્વર્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પરમપૂજ્ય વિદ્વાન્ આચાર્યદેવ શ્રીમદ્-વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તથા તેમના સાહિત્યપ્રેમી વિદ્વાન્ શિષ્યરત્ન મુનિપ્રવર શ્રીમાન્ યશોવિજયજી મહારાજ કે જેઓશ્રી આ ગ્રંથમાલા માટે ભારે શ્રમ લઈ રહ્યા છે તેઓનો વારંવાર આભાર માનવામાં આવે છે.

લી૦

લાલચંદના જય વીર.

# વિષયાનુક્રમ

卐


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **૧ ધર્મનું મહત્ત્વ** | **૧ થી ૩૦** |
| (૧) સદ્‌વિચાર કરતાં શિખવું જોઇએ. | ૧ |
| (૨) અવિચારનું પરિણામ. | ૧ |
| (૩) વિચારશક્તિ પર પડદો કેમ પડે છે? | ૫ |
| (૪) ડાહ્યા અને મૂર્ખમાં તફાવત શું? | ૭ |
| (૫) જીવનની મોટી ખોડ | ૧૦ |
| (૬) સંસારનું સ્વરૂપ | ૧૧ |
| (૭) ધર્મની પ્રશંસા | ૧૪ |
| (૮) ધર્મની ઉપાદેયતા | ૧૬ |
| (૯) ધર્મનું ફલ | ૧૭ |
| (૧૦) નીતિકારોનો મત | ૧૮ |
| (૧૧) વિશ્વશાંતિનો આધાર ધર્મ છે. | ૧૮ |
| (૧૨) રાજ્યની આબાદીનો આધાર ધર્મ છે. | ૨૧ |
| (૧૩) સમાજની સુવ્યવસ્થાનો આધાર ધર્મ છે. | ૨૮ |
| (૧૪) કર્ત્તવ્યપરાયણતા અને સદાચારનો આધાર ધર્મ છે. | ૩૦ |
| **૨ કુધર્મ અને સુધર્મ** | **૩૧ થી ૪૨** |
| (૧૫) સામાન્ય જનસમૂહની દશા | ૩૧ |
| (૧૬) રત્નખાણનું દૃષ્ટાંત | ૩૨ |

| | |
|---|---|
| ( ૧૭ ) કુત્સિત ધર્મનો ત્યાગ કરો | ૩૪ |
| ( ૧૮ સ્વધર્મ અને પરધર્મ | ૩૪ |
| ( ૧૯ ) ધર્મની વ્યાખ્યા | ૩૫ |
| ( ૨૦ ) કુધર્મ અને સુધર્મની પરીક્ષા | ૩૮ |
| **૩ સુધર્મની તાત્ત્વિક ભૂમિકા** | **૪૩ થી ૭૯** |
| ( ૨૧ ) છ સ્થાન–છ સિદ્ધાંતો | ૪૩ |
| ( ૨૨ ) નાસ્તિકોની નાગાઇ | ૪૪ |
| ( ૨૩ ) જડવાદીઓના જુલમ | ૪૫ |
| ( ૨૪ ) આત્મા છે. | ૪૬ |
| ( ૨૫ ) પ્રદેશી રાજાનું કથાનક | ૪૭ |
| ( ૨૬ ) આત્મા શાશ્વત છે. | ૬૬ |
| ( ૨૭ ) આત્મા કર્મનો કર્ત્તા છે. | ૬૭ |
| ( ૨૮ ) આત્મા કર્મનો ભોક્તા છે. | ૬૯ |
| ( ૨૯ ) મોક્ષ અવશ્ય છે. | ૭૦ |
| ( ૩૦ ) મોક્ષપ્રાપ્તિનો ઉપાય સુધર્મ છે. | ૭૧ |
| ( ૩૧ ) રાજર્ષિ પ્રસન્નચંદ્ર | ૭૪ |
| ( ૩૨ ) ઉપસંહાર | ૭૮ |
| ( ૩૩ ) સુભાષિત | ૭૯ |

: ૧ :

# ધર્મનું મહત્ત્વ

## (૧) સદ્વિચાર કરતાં શિખવું જોઇએ.

'સદ્વિચાર' વિના 'તત્ત્વ' નથી; 'તત્ત્વ' વિના 'ધર્મ' નથી; અને 'ધર્મ' વિના 'કલ્યાણ,' 'પરમપદ,' 'મુક્તિ' કે 'નિર્વાણ' નથી; તેથી કલ્યાણના કામીઓએ, પરમપદના અભિલાષીઓએ, મુક્તિના મનોરથધારીઓએ કે નિર્વાણપ્રાપ્તિના નિશ્ચયવાળાઓએ પ્રથમ 'સદ્વિચાર' કરતાં શિખવું જોઇએ.

## (૨) અવિચારનું પરિણામ.

જેને 'સદ્વિચાર' કરતાં આવડતો નથી, તે સારાને ખરાબ સમજે છે અને ખરાબને સારું સમજે છે; સત્યને અસત્ય માને છે અને અસત્યને સત્ય માને છે; હિતકરને અહિતકર ગણે

છે અને અહિતકરને હિતકર ગણે છે; ઉપયોગીને અનુપયોગી ઠરાવે છે અને અનુપયોગીને ઉપયોગી ઠરાવે છે; અથવા તો ઑાડનું ચૉડ વેતરી નાખે છે અને ભળતા જ છબરડાઓ કરે છે.

'સદ્‌વિચાર' નહિ કરવાથી અભણ અને ભણેલા સહુની સ્થિતિ આ પ્રકારની થાય છે. તે માટે ચાર પંડિતોનું દૃષ્ટાંત સમજવા જેવું છે.

એક ગામમાં ચાર બ્રાહ્મણ-મિત્રો વસતા હતા. તેમને નાનપણમાં જ એવો વિચાર આવ્યો કે 'આપણે કાશી જઇને વિદ્યાભ્યાસ કરી આવીએ.' તે મુજબ તેઓ કાશી ગયા અને ત્યાં જુદા જુદા શાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યા. એ રીતે બાર વર્ષ સુધી અભ્યાસ કરતાં તેઓ પંડિતની પદવીને પ્રાપ્ત થયા, એટલે સંતુષ્ટ થઇને સ્વદેશ ભણી પાછા ફર્યા. સાથે જરૂરી પુસ્તક-પાનાં પૂરતા પ્રમાણમાં લઈ લીધાં હતાં.

તેઓ કેટલેક દૂર ગયા કે બે માર્ગો સામે આવ્યા તો એ પ્રશ્ન ઊઠ્યો કે 'કયા માર્ગે જવું ?' તે વખતે એક પંડિતે કહ્યું કે 'મહાજન જાય તે માર્ગે જવું' એ શાસ્ત્રનો આદેશ છે, માટે તે મુજબ કરો.'

હવે તે વેળાએ કોઈ વણિકપુત્રને દેન દેવા માટે મનુષ્યોનો મોટો સમૂહ સ્મશાનવાળા માર્ગ તરફ જઇ રહ્યો હતો, તેથી આ ચારે પંડિતો તેને મહાજન( ઘણા માણસો ) માનીને તેમની સાથે ચાલ્યા અને સ્મશાનમાં જઇને ઊભા રહ્યા.

હવે ત્યાં આગળ એક ગધેડો ઊભો હતો, તેને જોઇને બીજા પંડિતે કહ્યું કે—

'ઉત્સવે વ્યસને તેમ, દુર્ભિક્ષે શત્રુ-સંકટે;
રાજદ્વારે સ્મશાને યે, જે ઊભે તે જ બાંધવ.'

આ ગધેડો સ્મશાનમાં આપણી સાથે ઊભો રહ્યો છે, માટે તે આપણો બાંધવ છે.

એ શાસ્ત્રવચનને લક્ષ્યમાં રાખીને તે ચારે પંડિતો ગધેડાને ગળે બાઝયા અને 'અહો બંધવ! અહો બંધવ! તું પણ ઘણા દિવસે મળ્યો!' એમ બોલીને તેના તરફ સ્નેહ પ્રદર્શિત કરવા લાગ્યા. એવામાં એક ઊંટ ઝડપથી ચાલતો તેમની નજીક આવ્યો. તેને જોઇને ત્રીજા પંડિતે કહ્યું કે– 'ધર્મની ગતિ ત્વરિત હોય છે, એટલે આ સાક્ષાત્ ધર્મ જણાય છે. અને 'ઇષ્ટને ધર્મની સાથે જોડવો.' એ શાસ્ત્રનો આદેશ છે, માટે આપણા આ ઇષ્ટ ગધેડાને કોઈ પણ રીતે ઊંટની સાથે જોડી દેવો જોઇએ.'

શાસ્ત્રના આદેશને શિરોધાર્ય કરવા માટે આ પંડિતોએ ઊંટને ઊભો રાખીને તેની ડોકે ગધેડાને બાંધી દીધો અને આગળ ચાલ્યા. ત્યાં એક નદી આવી. તેમાં ખાખરાનાં એક પાંદડાને તણાતું જોઇને ચોથા પંડિતે કહ્યું કે—

'આવશે પાત્ર જે, તે તો તારશે તમને સદા.'

એવું શાસ્ત્રનું વચન છે, માટે મને તો પાત્ર સમાન પાંદડું જ તારશે, એમ કહીને તેણે નદીના પ્રવાહમાં ઝંપલાવ્યું અને પેલા ખાખરાનાં પાંદડાંને પકડવાનો પ્રયત્ન કર્યો. પણ તેમ કરતાં તે ડૂબવા લાગ્યો. એટલે એકે કહ્યું કે 'સર્વનાશ ઉત્પન્ન થાય

ત્યારે અર્ધાને તજી દેનારો પંડિત ગણાય છે, માટે આને અર્ધો તજી દો અને અર્ધો ઉપાડી લો.'

આ રીતે વિચારીને બાકીના ત્રણ પંડિતોએ ડૂબતા પંડિતનું માથું કાપી લીધું અને તેનું ધડ જવા દીધું.

ત્યાંથી આગળ ચાલતાં તેઓ એક ગામમાં દાખલ થયા, જ્યાં તેમને પંડિત જોઇને જુદા જુદા ગૃહસ્થોએ જમવાનું નિમંત્રણ આપ્યું. એટલે તે ત્રણે પંડિતો જુદે જુદે ઘેર જમવા ગયા. ત્યાં એક પંડિતને યજમાન તરફથી સૂતરફેણી પીરસવામાં આવી. તે જોઇને તેણે વિચાર કર્યો કે 'દીર્ઘસૂત્રીપણું અનિષ્ટ છે' તેથી આ દીર્ઘ સૂત્રવાળી—લાંબા તાંતણાવાળી મીઠાઇ ખાવાને યોગ્ય નથી. એટલે તે જમ્યા વિના જ ઊઠી ગયો. બીજા પંડિતને યજમાન તરફથી મોટા ખાખરા પીરસવામાં આવ્યા. તે જોઇને તેણે વિચાર કર્યો કે 'અતિ વિસ્તીર્ણતા હોય ત્યાં ઉત્પાત થવાનો સંભવ અવશ્ય હોય છે,' તેથી આ ખાખરા ખાવાને યોગ્ય નથી. જો તે પેટમાં જશે તો જરૂર કંઈક ઉત્પાત કરશે.' એટલે તે પણ જમ્યા વિના જ ઊઠી ગયો. ત્રીજા પંડિતને યજમાન તરફથી તળેલાં વડાં પીરસવામાં આવ્યાં. આ વડામાં સોયા વડે કાણાં પાડેલાં હતાં. તે જોઇને તેણે વિચાર કર્યો કે 'જ્યાં છિદ્રો હોય ત્યાં ઘણો અનર્થ થાય છે.' તેથી આ વડાં જરૂર અનર્થને ઉત્પન્ન કરશે.' એટલે તે પણ જમ્યા વિના ઊઠી ગયો.

પછી એ ત્રણે પંડિતો સહુની હાંસીને પાત્ર થતાં કેટલાક દિવસે પોતાને ઘેર પાછા ફર્યા અને શાસ્ત્ર પર યોગ્ય વિચાર કરવાને અભાવે 'મૂર્ખ પંડિતો' તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

## (૩) વિચારશક્તિ પર પડદો કેમ પડે છે?

મનુષ્ય વિચાર કરવાની પૂરેપૂરી શક્તિવાળો હોવા છતાં, તેની એ વિચારશક્તિ પર કેવી રીતે પડદો પડી જાય છે, તે દર્શાવવા માટે જૈન શાસ્ત્રોમાં **મધુબિંદુ**નું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

એક મોટું વૃક્ષ છે, તેની ડાળે મધપૂડો બાઝેલો છે અને તેમાંથી મધનાં કેટલાંક બિંદુઓ નીચે પડી રહ્યાં છે. એક મનુષ્ય તે જ વડ વૃક્ષની વડવાઈ ઉપર લટકી રહ્યો છે અને થોડી થોડી વારે પડતાં તે મધના બિંદુઓનો સ્વાદ લેતાં મનમાં બોલી રહ્યો છે કે 'અહા! કેવું સુંદર મધ છે!'

હવે તે વખતે એક દેવ વિમાનમાં આવીને કહે છે કે– 'અરે મનુષ્ય! તું આ શું કરી રહ્યો છે?' તે વખતે પેલો મનુષ્ય જવાબ આપે છે કે 'મધનો સ્વાદ માણી રહ્યો છું.'

પેલો દેવ કહે છે—'પણ તારી હાલત અતિ કઢંગી છે. તું જે ડાળી પર લટકી રહેલો છે, તેને બે જબરા ઊંદરો વગર અટકયે કાપી રહેલા છે અને નીચે મોટો કૂવો છે. તેમાં ચાર મોટા સાપ મોં ફાડીને તાકી રહેલા છે! એટલે તું થોડી જ વારમાં નીચે પડીશ અને તે સાપો તને ગળી જશે. અરે! તું જરા થડ તરફ તો જો, આ મદોન્મત્ત હાથી પોતાની વિશાલ શુંઢમાં ઝાડના થડને લઈને જોરથી કંપાવી રહેલ છે. અને તેથી મધપૂડામાંથી ઊડતી મધમાખીઓ ચારેય બાજુ તારા શરીર ઉપર ફરી વળી છે. શું તને તેનું દુઃખ પણ નથી થતું? માટે તું જરા પણ વિલંબ કર્યા વિના મારા વિમાનમાં બેસી જા. હું તને બચાવવા માટે જ આવ્યો છું.'

તે વખતે પેલો મનુષ્ય કહે છે કે-' તમારી વાત સાચી છે, પણ થોડાં વધારે મધુબિંદુઓ પડવા દો. એની લિજ્જત માણીને પછી તમારા વિમાનમાં બેસી જઇશ.'

પેલો દેવ મનુષ્યના આ જવાબથી અતિ આશ્ચર્ય અનુભવે છે. ' જ્યાં ઉગરવાનો બીજો આરો નથી ત્યાં વિમાન જેવું સાધન પ્રાપ્ત થવા છતાં આ મનુષ્ય રાહ જોવાનું પસંદ કરે છે ? હા ! હા ! તેની મૂર્ખતાનો કોઈ અંત જ નથી !' અને તે દેવ ત્યાંથી ચાલ્યો જાય છે.

આ દૃષ્ટાંતની ઘટના એ છે કે-મોટું વૃક્ષ છે, તે સંસાર છે, તેના પર જે મધપૂડો બાઝેલો છે, તે ગૃહસ્થાશ્રમ છે અને તેમાંથી જે બિંદુઓ ટપકી રહેલાં છે, તે સ્ત્રી-સુખ, પુત્ર-સુખ, પરિવાર-સુખ, લક્ષ્મી-સુખ, અધિકાર-સુખ, પ્રતિષ્ઠા-સુખ વગેરે નામોથી ઓળખાતાં સાંસારિક સુખો છે. વૃક્ષની જે ડાળીએ મનુષ્ય લટકી રહેલો છે, તે મનુષ્યભવનું આયુષ્ય છે અને તેને બે મોટા ઉંદરો વગર અટકયે કાપી રહેલા છે, તે દિવસ અને રાત્રિરૂપી કાળ છે. નીચે જે કૂવો છે તે ભવની પરંપરા છે અને તેમાં જે ચાર સાપ છે તે ચારેય ગતિમાં રખડાવનાર ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર કષાયો છે અથવા દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી નામની ચાર ગતિઓ છે, યમરાજાના સ્થાને હાથી છે. અને આધિ, વ્યાધિ, ઉપાધિઓના સ્થાને મધમાખીઓની પીડાઓ છે. તેમાં જે દેવ આવે છે, તે સદ્ગુરુ છે અને તેનું જે વિમાન છે તે સર્વજ્ઞોએ બતાવેલો સુધર્મ છે. એટલે સદ્ગુરુ મનુષ્યને એમ કહે છે કે ' ઓ મહાનુભાવ ! તને અતિદુર્લભ માનવદેહ પ્રાપ્ત થવા છતાં તું કેવું જીવન જીવી રહ્યો છે ?' ત્યારે મનુષ્ય

એમ કહે છે કે 'હું પત્ની, પુત્ર, પરિવાર વગેરેને સંભાળી રહ્યો છું અને સંસારનાં સુખો ભોગવી રહ્યો છું.' તે વખતે સદ્ગુરુ તેને યાદ આપે છે કે–'આયુષ્ય પ્રતિક્ષણે ઓછું થતું જાય છે અને આ ભવમાં સુધર્મદ્વારા મોક્ષની પ્રાપ્તિ ન કરી તો ચાર ગતિ અને ચોરાશી લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરીને પારાવાર દુઃખનો અનુભવ કરવો પડશે.' પરંતુ સાંસારિક સુખમાં લુબ્ધ બનેલો મનુષ્ય તેમને જવાબ આપે છે કે 'તમારી વાત સાચી છે, આ માનવદેહ ફરી ફરીને મળવાનો નથી ને સુદેવ, સુગુરુ તથા સુધર્મનો યોગ પ્રાપ્ત થવાનો નથી, પણ મારાં છોકરાંઓને પરણાવી લેવા દો, થોડું વધારે ધન કમાઈ લેવા દો, એકાદ–બે મકાનો ચણાવી લેવા દો, અને જ્ઞાતિ–જાતિમાં થોડી લાજ-આબરૂ વધારી લેવા દો. પછી હું ધર્મનું આરાધન કરીશ !'

આ જવાબ કેટલો ડહાપણભરેલો છે, તે દરેક મનુષ્ય વિચારી જુએ.

## ( ૪ ) ડાહ્યા અને મૂર્ખમાં તફાવત શું ?

ડાહ્યા અને મૂર્ખમાં પહેલો તફાવત એ હોય છે કે ડાહ્યો મનુષ્ય પોતાની પ્રવૃત્તિ વિચારપૂર્વક યોજે છે, તેને વિચાર–પૂર્વક ચલાવે છે અને તેમાં કોઈ વિઘ્ન આવે તો વિચારશક્તિનો ઉપયોગ કરીને તેને ઓળંગી જાય છે; અને તેમ કરીને તે સફલતાને કે સિદ્ધિને વરે છે. જ્યારે મૂર્ખ મનુષ્ય પોતાની પ્રવૃત્તિ વિચારપૂર્વક કરતો નથી, કદાચ વિચારપૂર્વક કરે છે તો તેને વિચારપૂર્વક ચલાવતો નથી; અને કદાચ વિચારપૂર્વક ચલાવે છે તો પણ તેમાં વિઘ્નો આવતાં ભય-

ભ્રાંત થઈને તેને છોડી દે છે અને એ રીતે છેવટે નિષ્ફલતા કે નાશને વહોરી લે છે.

ડાહ્યા અને મૂર્ખમાં બીજો તફાવત એ હોય છે કે ડાહ્યો મનુષ્ય પોતાનું હિત શેમાં છે, તે તરત જ સમજી જાય છે અને કોઈ હિતસ્વી હિતના બે શબ્દો કહે તો તેના પર પૂરતું ધ્યાન આપી તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરે છે. જ્યારે મૂર્ખ મનુષ્ય પોતાનું હિત શેમાં છે, તે જલદી સમજી શકતો નથી અને કોઈ હિતસ્વી હિતના બે શબ્દો કહે તો તેના પર વિચાર કરવાને બદલે ઉલટો ચીડાય છે અને તેને જ દંડ દેવા તૈયાર થાય છે. આ બાબતમાં સુઘરી અને વાનરનું દૃષ્ટાંત સમજવા જેવું છે.

માહ માસના એક દિવસે સખ્ત ઠંડી પડી. તે વખતે ઠંડીમાંથી બચવા કેટલાક વાનરો ચણોઠીને અગ્નિના તણખા સમજીને એકઠા કરવા લાગ્યા અને તેનો ઢગલો કરીને તેની આસપાસ તાપતા હોય તેમ ટોળે વળીને બેઠા. પણ એમ ચણોઠીથી ટાઢ થોડી જ ઊડે? એટલે તેઓનાં શરીર થરથર ધ્રૂજતાં હતાં અને ડાઢીઓ ડગડગતી હતી.

આ જોઈને પાસેના વૃક્ષ પર બેઠેલી સુઘરીએ કહ્યું:–'અરે વાનરો! તમે શરીરે તગડા છો અને ધારો તો સુંદર મજાનું ઘર બનાવી શકો તેમ છો! જુઓ, હું તમારા કરતાં ઘણી જ નાની છું, છતાં કેવો સુંદર માળો બનાવું છું કે જે મને ટાઢ, તાપ અને વરસાદમાં એક સરખું રક્ષણ આપે છે! માટે આળસ તેમજ મૂરખવેડા છોડીને તમે એક સુંદર ઘર બનાવો,

જેથી તમારે ટાઢ-તાપનું આવું દુઃખ સહન કરવું પડે નહિ. તમે જેનાથી તાપો છો તે અગ્નિકણ નથી પણ ચણોઠીના દાણા છે અને તેનાથી તમારી ટાઢ દૂર થવાની નથી. '

આ શબ્દો સાંભળીને એક વાનરે કહ્યું:–' અરે ! આ ચિબાવલી શું કહે છે ? '

બીજાએ કહ્યું:–' એ આપણને આળસુ અને મૂરખ કહે છે.'

ત્રીજાએ કહ્યું:–' એને પોતાની આવડતનું અભિમાન થયું છે, તે ગમે તેમ બટબટ બટબટ બોલે છે. '

ચોથાએ કહ્યું:–' તો એની સાન જલદી ઠેકાણે લાવી દેવી જોઇએ. '

અને કેટલાક વાનરો જે ઝાડ પર સુઘરીએ માળો બાંધ્યો હતો, તેના પર ચડી ગયા અને તે માળાઓને તોડી-ફોડીને નીચે વહી રહેલી નદીમાં ફેંકી દીધા.

ડાહ્યા અને મૂર્ખ માણસો વચ્ચે ત્રીજો તફાવત એ હોય છે કે ડાહ્યા માણસો પોતાની આસપાસ બની રહેલા બનાવો પરથી ધડો લઇને પોતાના વિચારો અને વર્તનમાં યોગ્ય ફેરફારો કરે છે, જ્યારે મૂર્ખ માણસો પોતાની આસપાસ શું બની રહ્યું છે, તે જોવા-જાણવાની દરકાર કરતા નથી અને કદાચ કરે છે તો પણ તેમાંથી યોગ્ય ધડો લઇને પોતાના વિચારો કે વર્તનમાં ફેરફાર કરતા નથી.

મૃત્યુ, રોગ, અકસ્માત અને આફતોમાંથી કેટલા મનુષ્યો ધડો લે છે ? હાર-જીત, સફલતા-નિષ્ફલતા અને યશ-અપ-

યશના બનાવોમાંથી કેટલા મનુષ્યો સાર ગ્રહણ કરે છે? એક સુખી–બીજો દુઃખી, એક શ્રીમંત–બીજો ભિખારી અને એક શક્તિશાળી–બીજો મુફલિસ એ વિચિત્ર ઘટનામાંથી કેટલા મનુષ્યો તત્ત્વને તારવે છે?

## (૫) જીવનની મોટી ખોડ

ખરેખર! આપણા જીવનરૂપી ખાટલામાં મોટી ખોડ એ જ છે કે તેમાં 'વિચાર'રૂપી પાયો નથી. પછી 'તત્ત્વ' સમજાય ક્યાંથી અને 'ધર્મનો' સંચય થાય ક્યાંથી? એક કવિએ ઠીક જ કહ્યું છે કેઃ—

**" बालः प्रायो रमणाऽऽसक्तस्तरुणः प्रायो रमणीरक्तः ।**
**वृद्धः प्रायश्चिन्तामग्नस्तदहो ! धर्मे कोऽपि न लग्नः ॥"**

" મનુષ્ય જ્યારે બાલક હોય છે ત્યારે મોટા ભાગે રમતમાં મશગૂલ રહે છે; જ્યારે યુવાન હોય છે ત્યારે મોટા ભાગે સ્ત્રીમાં આસક્ત હોય છે અને જ્યારે વૃદ્ધ બને છે ત્યારે મોટા ભાગે વિવિધ પ્રકારની ચિંતાઓમાં મગ્ન હોય છે. આ રીતે બાળક, યુવાન કે વૃદ્ધમાંથી કોઈ પણ ધર્મના માર્ગમાં જોડાયેલું નથી!"

આ ખોડ ટાળવા માટે જ જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે—

**" यथा बिन्दुनिपातेन, क्रमशः पूर्यते सरः ।**
**स हेतुः सर्वविद्यानां, धर्मस्य च धनस्य च ॥"**

" જેમ ટીપું ટીપું પડતાં ક્રમશઃ સરોવર ભરાય છે, તેમ

ધીમે ધીમે વૃદ્ધિ પામતાં સર્વ વિદ્યાઓનો, ધર્મનો અને ધનનો સંચય થાય છે.”

“ व्याकुलेनापि मनसा, धर्मः कार्यो निरन्तरम् ।
मेढीबद्धोऽपि हि भ्राम्यन्, घासग्रासं करोति गौः ॥”

“મન (અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી) વ્યાકુલ હોય તો પણ નિરંતર ધર્મ કરવો, કારણ કે ગળામાં ડેરો નાખેલો હોય તો પણ જે ગાય ચરવા નીકળે છે અને ફરતી રહે છે, તે જ ઘાસચારો ખાઇ શકે છે.”

## (૬) સંસારનું સ્વરૂપ.

આમ છતાં મનુષ્યો ધર્મથી વિમુખ બનીને મોજશોખ અને એશઆરામમાં પોતાનું જીવન વ્યતીત કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ સંસારનું સ્વરૂપ એવું છે કે તેમાં માનેલો મોજશોખ કે ઇચ્છેલો એશઆરામ ભોગવી શકાતો નથી. જ્યાં સંપત્તિ જલના તરંગ જેવી ચપળ હોય, જ્યાં યૌવન ચાર દિનની ચાંદની જેવું અસ્થિર હોય અને જ્યાં આયુષ્ય શરદઋતુનાં વાદળાં જેવું ક્ષણભંગુર હોય, ત્યાં માનેલામાં જ શોખ અને ઇચ્છેલા એશઆરામ ભોગવી શકાય ક્યાંથી ? જો સંપત્તિ ચપળ હોવા છતાં, યૌવન અસ્થિર હોવા છતાં, તેમજ આયુષ્ય ક્ષણભંગુર હોવા છતાં માનેલા મોજશોખ માણી શકાતા હોત અને ઇચ્છેલા એશઆરામ ભોગવી શકાતા હોત, તો છ ખંડ ધરતીના ધણીઓ અને વિપુલ સંપત્તિના સ્વામીઓ તેનો ત્યાગ કરીને ધર્મનું શરણ શા માટે શોધત ? એટલે મોજશોખ અને

એશઆરામ કરવાની કલ્પના તરંગી છે-ખ્વાબી છે અને તે કદી પણ ખાન-પાન કે ભોગવિલાસથી પૂર્ણ થતી નથી. તેથી જ જ્ઞાની પુરુષોને કહેવું પડ્યું કે—

" सव्वं विलविअं गीअं, सव्वं नट्टं विडंबणा ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥ "

" હે મનુષ્યો ! તમે તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરશો તો જણાયા વિના નહિ રહે કે સર્વે પ્રકારનું ગીત વિલાપ તુલ્ય છે, સર્વ પ્રકારનું નૃત્ય વિડંબનારૂપ છે, સર્વે આભરણો ભાર સમાન છે અને સર્વે કામભોગો દુઃખને લાવનારા છે. "

" ताव च्चिअ सयलजणो, नेहं दरिसेइ जाव निअकज्जं ।
नियकज्जे संवित्ते, विरला नेहं पवट्टंति ॥ "

" ત્યાં સુધી જ બધા માણુસો સ્નેહ દર્શાવે છે કે જ્યાં સુધી તેમને કોઈ પણ પ્રકારનું કાર્ય-કોઇ પણ પ્રકારનો સ્વાર્થ હોય છે. એ કાર્ય પત્યું-એ સ્વાર્થ સધાયો કે પછી સ્નેહ દર્શાવનારા વિરલ હોય છે. તાત્પર્ય કે-સ્નેહમાં સુખ માણવાની કલ્પના એક પ્રકારની ઘેલછા અને તેનું અંતિમ પરિણામ દુઃખ સિવાય અન્ય કંઇ જ ન નથી. "

" पुत्रो मे भ्राता मे स्वजनो मे गृहकलत्रवर्गो मे ।
इति कृत मे मेशब्दं पशुमिव मृत्युर्जनं हरति ॥ "

" મે પુત્ર-આ મારો પુત્ર છે; મે ભ્રાતા-આ મારો ભાઈ છે; મે સ્વજન-આ મારો સગો છે; મે ગૃહકલત્રવર્ગ-આ

મારાં ઘરનો સ્ત્રીવર્ગ છે. આમ પશુની જેમ ' મે મે ' શબ્દ કરી રહેલા મનુષ્યને મૃત્યુ આવીને ઉપાડી જાય છે.

અને તે વખતે—

" द्रव्याणि तिष्ठन्ति गृहेषु नार्यो,
विश्रामभूमौ स्वजनः स्मशाने ।
देहश्चितायां परलोकमार्गे,
कर्मानुगो याति स एव जीवः ॥ "

" ધન અને દોલત ઘરમાં પડ્યા રહે છે; માતા અને પત્ની, ભગિની અને ભોજાઇ વગેરે નારીવર્ગ વિસામા સુધી વળાવા આવે છે; પિતા અને પુત્રો, કાકા અને મામા, મિત્રો અને મુરબ્બીઓ વગેરે પુરુષવર્ગ સ્મશાનમાં ઊભો રહી જાય છે; અને જે દેહને નાના પ્રકારનાં ખાનપાનથી પુષ્ટ કરવામાં આવતો, ચંદન અને અરગજા[પૂજાદ્રવ્ય]થી ચર્ચવામાં આવતો તથા મણિ–મુક્તા અને સુવર્ણાલંકારોથી શણગારવામાં આવતો તે લાકડાની ચિતામાં ખડકાય છે. આ વખતે જીવ એકલો પોતાના કર્મોને સાથે લઈને પરલોકમાં ગમન કરે છે. "

માટે—

" त्यज दुर्जनसंसर्गं, भज साधुसमागमम् ।
कुरु पुण्यमहोरात्रं, स्मर नित्यमनित्यताम् ॥ "

" હે બંધુ ! તારે જો ખરેખર સુખી થવું હોય તો જેઓ અવિચારી અને ઉદ્ધત સલાહ આપી અન્યના જીવન બરબાદ

કરે છે તેવા દુર્જનોનો સંસર્ગ છોડી દે, અને જેઓ અન્યનું હિત કરવામાં નિરંતર તત્પર છે તેવા સાધુપુરુષોનો સમાગમ કર. વળી તું દુનિયાદારીની ખોટી ધમાલો છોડીને રાત્રિદિવસ ધર્મનું આચરણ કર અને તે આચરણમાં તારો ઉત્સાહ સદા ટકી રહે તે માટે ધન-દોલત, શરીર, યૌવન, આયુષ્ય અને કુટુંબ-કબીલાની અનિત્યતાનું સદાકાલ સ્મરણ કરતો રહે."

## (૭) ધર્મની પ્રશંસા

મહાપુરુષો ધર્મની પ્રશંસા કરતાં જણાવે છે કે—

"निर्दन्तः करटी हयो गतजवश्चन्द्रो विना शर्वरी,
निर्गन्धं कुसुमं सरो गतजलं छायाविहीनस्तरुः ।
रूपं निर्लवणं सुतो गतगुणश्चारित्रहीनो यति-
र्निर्देवं भवनं न राजति तथा धर्मं विना मानवः ॥"

"દંતૂશળ વિનાનો હાથી, ઝડપ વિનાનો ઘોડો, ચંદ્ર વિનાની રાત્રિ, સુગંધ વિનાનું પુષ્પ, જલ વિનાનું સરોવર, છાયા વિનાનું વૃક્ષ, લાવણ્ય વિનાનું રૂપ, ગુણ વિનાનો પુત્ર, ચારિત્ર વિનાનો સાધુ અને દેવ વિનાનું ભવન શોભાને પામતા નથી, તેમ મનુષ્ય પણ ધર્મ વિના શોભાને પામતો નથી."

"राज्यं निःसचिवं गतप्रहरणं सैन्यं विनेत्रं मुखं,
वर्षा निर्जलदा धनी च कृपणो भोज्यं तथाऽऽज्यं विना ।
दुःशीला दयिता सुहृन्निकृतिमान् राजा प्रतापोज्झितः,
शिष्यो भक्तिविवर्जितो न हि विना धर्मं नरः शस्यते ॥"

"મંત્રી વિનાનું રાજ્ય, શસ્ત્ર વિનાનું સૈન્ય, નેત્ર વિનાનું મોઢું, વરસાદ વિનાનું ચોમાસું, ઉદારતા વિનાનો ધનિક, ઘૃત વિનાનું ભોજન, શીલ વિનાની સ્ત્રી, સહૃદયતા વિનાનો મિત્ર, પ્રતાપ વિનાનો રાજા અને ભક્તિ વિનાનો શિષ્ય પ્રશંસાને પામતા નથી, તેમ પુરુષ પણ ધર્મ વિના પ્રશંસાને પામતો નથી."

"मुक्ततेजो यथा रत्नं, पुष्पं वा गंधवर्जितम् ।
गतधर्मस्तथा प्राणी, नायात्यत्र महर्घताम् ॥"

"જેમ તેજ વિનાનું રત્ન અને ગંધ વિનાનું ફૂલ આદરને પાત્ર થતું નથી, તેમ આ જગત્‌માં ધર્મ વિનાનો મનુષ્ય મૂલ્ય વિનાનો ગણાય છે અર્થાત્ કશા આદરને પાત્ર થતો નથી."

"तोयेनेव सरः श्रियेव विभुता सेनेव सुस्वामिना,
जीवेनेव कलेवरं जलधरश्रेणीव वृष्टिश्रिया ।
प्रासादस्त्रिदशार्चयेव सरसत्वेनेव काव्यं प्रिया,
प्रेम्णेव प्रतिभासते न रहितो धर्मेण जंतुः क्वचित् ॥"

"જળવડે સરોવર, લક્ષ્મીવડે મોટાઇ, સેનાપતિવડે સેના, જીવવડે દેહ, વૃષ્ટિવડે મેઘ, દેવપૂજાવડે પ્રાસાદ (મંદિર), સુરસવડે કાવ્ય અને પ્રેમવડે પ્રિયતમા શોભે છે, પણ તેના વિના શોભતા નથી. તે જ રીતે મનુષ્ય ધર્મવડે શોભે છે, પણ તેના વિના કયારે પણ શોભતો નથી."

તેમના મુખમાંથી આ શબ્દો ઘણા અનુભવ પછી નીકળ્યા છે કે:–

"नागो भाति मदेन कं जलरुहैः पूर्णेन्दुना शर्वरी,
वाणी व्याकरणेन हंसमिथुनैर्नद्यः सभा पण्डितैः ।

शीलेन प्रमदाजवेन तुरगो नित्योत्सवैर्मन्दिरं,
सत्पुत्रेण कुलं नृपेण नगरं लोकत्रयं धार्मिकैः ॥ "

"મદજળથી હાથી, કમળોથી જળ, પૂર્ણ ચન્દ્રમાથી રાત્રિ, વ્યાકરણથી વાણી, હંસયુગલોથી નદી, પંડિતોથી સભા, શીલથી પ્રમદા, વેગથી ઘોડા, નિત્યોત્સવથી મંદિર, સત્પુત્રથી કુલ, રાજાથી નગર અને **ધાર્મિક જનોથી ત્રણે લોક શોભા પામે છે.**"

"व्यसनशतगतानां क्लेशरोगातुराणां,
मरणभयहतानां दुःखशोकार्दितानाम् ।
जगति बहुविधानां व्याकुलानां जनानां,
शरणमशरणानां नित्यमेको हि धर्मः ॥ "

"સેંકડો કષ્ટને પામેલા, કલેશ અને રોગથી પીડાતા, મરણના ભયથી હતાશ થયેલા, દુઃખ અને શોકથી રીબાતા એમ બહુ બહુ રીતે વ્યાકુલ થયેલા આ જગત્‌ના અસહાય મનુષ્યોને એક ધર્મ જ નિત્ય શરણભૂત છે."

## (૮) ધર્મની ઉપાદેયતા

તેથી—

"उपादेयश्च संसारे, धर्म एव बुधैः सदा ।
विशुद्धो मुक्तये सर्वं, यतोऽन्यद् दुःखकारणम् ॥ "

સુજ્ઞજનોએ આ સંસારમાં વિશુદ્ધ ધર્મને મુક્તિને કાજે ગ્રહણ કરવો ઘટે છે, કારણ કે તેનાથી ભિન્ન-અધર્મ દુઃખનું કારણ છે.

## (૯) ધર્મનું ફલ

ખરેખર !

" धर्माज्जन्म कुले शरीरपटुता सौभाग्यमायुर्बलं,
धर्मेणैव भवन्ति निर्मलयशो विद्यार्थसंपत्तयः ।
कान्ताराच्च महाभयाच्च सततं धर्मः परित्रायते,
धर्मः सम्यगुपासितो भवति हि स्वर्गापवर्गप्रदः ॥"

ધર્મના યોગ્ય આરાધનથી ઊંચા કુલમાં જન્મ થાય છે, પાંચે ઇંદ્રિયોની પૂર્ણતા પ્રાપ્ત થાય છે, સૌભાગ્ય, આયુષ્ય અને બલની પ્રાપ્તિ થાય છે. ધર્મના આરાધનથી જ નિર્મલ યશની તથા વિદ્યા અને અર્થની સંપત્તિ પ્રાપ્ત થાય છે. તે જ રીતે ધર્મનું આરાધન ઘોર જંગલમાં અને મહાન ભયો ઉપસ્થિત થયે તેના આરાધકનું રક્ષણ કરે છે. ખરેખર ! આવા ધર્મની આરાધના જો સમ્યક્ પ્રકારે કરવામાં આવે તો તે સ્વર્ગ અને મોક્ષનું સુખ આપી શકે છે."

" निपानमिव मण्डूकाः, सरः पूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति, विवशाः सर्वसंपदः ॥ "

જેમ તળાવ ભરેલું હોય ત્યાં દેડકાઓ આવે છે અને સરોવર ભરેલું હોય ત્યાં પક્ષીઓ આવે છે, તેમ જ્યાં શુભ કર્મોનો સંચય હોય છે ત્યાં સર્વ સંપત્તિઓ વિવશ થઈને આવે છે.

## (૧૦) નીતિકારોનો મત

ધર્મનું મહત્ત્વ ત્યાગી–વિરાગી મહાત્માઓએ જ ગાયું છે, એમ નથી; નીતિકારોએ પણ ગાયું છે. તેઓ કહે છે કે:—

" दीपो हन्ति तमस्तोमं, रसो रोगमहामरम् ।
सुधाबिन्दुर्विषावेगं, धर्मः पापभरंस्तथा ॥ "

દીવો અન્ધકારના સમૂહનો નાશ કરે છે, રસાયણ રોગના સમૂહનો નાશ કરે છે અને અમૃતબિન્દુ વિષના વેગનો નાશ કરે છે. તે જ રીતે ધર્મ પાપના સમૂહનો નાશ કરે છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે–વિશ્વમાં શાંતિ સ્થાપવી હોય, રાજ્યમાં આબાદી આણવી હોય, સમાજમાં સુવ્યવસ્થા સ્થાપવી હોય અને મનુષ્ય માત્રમાં કર્ત્તવ્યપરાયણતા અને સદાચારની ભાવના પેદા કરવી હોય તો તે કામ **ધર્મ**દ્વારા જ થઇ શકે છે.

આ વાતની પ્રતીતિ આધુનિક જગત્‌ની પરિસ્થિતિ પર એક આછો દૃષ્ટિપાત કરવાથી તરત જ થઈ શકશે.

## (૧૧) વિશ્વશાંતિનો આધાર ધર્મ છે.

સને ૧૯૧૪ માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. તેણે કેટલાયે દેશોની ભયંકર તારાજી કરી અને જગત્‌ભરમાં અશાંતિની આગ ફેલાવી દીધી. આ આગમાંથી જગત્‌ને ઉગારી લેવા માટે વિશ્વના સમર્થ મુસદ્દીઓ બહાર પડ્યા અને તેમણે 'લીગ ઑફ નેશન્સ'ની સ્થાપના કરી, પરંતુ તેનું પરિણામ

શું આવ્યું ? શાંતિની સ્થાપનાના નામે તેમણે મુસદ્દીગીરીના જે દાવો ખેલ્યા, તેણે શાંતિને દૂર હડસેલી દીધી અને બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું કે જે સ્વરૂપ અને પ્રકારમાં પહેલા વિશ્વયુદ્ધ કરતાં અનેકગણું ખતરનાક હતું. પરિણામે લાખો નિર્દોષ પ્રાણીઓ તથા મનુષ્યોનો સંહાર થયો, અનેક દેશો બરબાદ થયા અને ક્રોડો મનુષ્યો કઢંગી હાલતમાં મૂકાઇ ગયા. અને તેનું સહુથી વધારે ખરાબ પરિણામ તો એ આવ્યું કે–અસાધારણ આર્થિક અસમાનતા ઉત્પન્ન થઇ, જેણે લોકોના નૈતિક જીવનને પાયામાંથી હચમચાવી નાખ્યું. આ વિષમ સ્થિતિનું નિવારણ કરવા માટે જગતના મુસદ્દીઓ ફરી બહાર પડયા અને અમેરિકાની આગેવાની નીચે યુ. નો. (U. N. O.) નામની એક નવી સંસ્થા સ્થાપન કરી. આ સંસ્થાનું ધ્યેય જગત્‌માં શાંતિ જાળવી રાખવાનું છે. પણ જે રંગઢંગ અને કાર્યપદ્ધતિથી તે પોતાનું ગાડું ગબડાવ્યે જાય છે, તે જોતાં એનું ભાવી લીગ ઑફ નેશન્સથી જરાયે ઉજ્જવલ જણાતું નથી. આ સંસ્થા આગળ આજ સુધીમાં જુદા જુદા રાષ્ટ્રોને લગતા અનેક ફૂટ પ્રશ્નો રજૂ થયા છે, પરંતુ તેણે તેમાંનાં એકનો પણ સફલ ઊકેલ કર્યો નથી અને તે કરી શકે તેવો સંભવ પણ નથી. જ્યાં નિખાલસ મંત્રણાઓનું સ્થાન મેલી મુસદ્દીગીરી લઇ રહી હોય, જ્યાં ભ્રાતૃભાવ અને બંધુત્વના સ્થાને સ્વાર્થપરાયણતા છવાઇ ગઈ હોય અને જ્યાં સહુના સમાન હક્કોનો સ્વીકાર કરવાને બદલે પોતપોતાના મુખ તરફ જ કોળિયો વળી રહ્યો હોય, ત્યાં કોઈ પણ પ્રશ્નનો સાચો ઊકેલ થાય જ કયાંથી ? અને વધારે અજાયબીની વાત તો એ છે કે–આ મુસદ્દી લોકો

જગત્માં શાંતિ સ્થાપવા માટે જીવલેણ શસ્ત્રો ઉત્પન્ન કરી રહ્યા છે તથા તેને વધારે કાતિલ બનાવવા માટે ક્રોડો રૂપીઆનો વ્યય વિના સંકોચે કરી રહ્યા છે.

અહીં વિચારણીય પ્રશ્ન એટલો જ છે કે-વધારે મજબૂત ટેન્કો, વધારે ઝડપી વિમાનો, વધારે ઝેરી ગેસો, વધારે કાતિલ બોમ્બો, અતિ ત્વરાથી મૃત્યુને નજીક લાવનારા સાધનો અને '**शठं प्रति शाठ्यं कुर्यात्**'ની કુટિલ નીતિ આ જગત્માં કદી પણ શાંતિ સ્થાપી શકે ખરી? આપણો રોજીંદો અનુભવ એ વાતનો સાફ ઈનકાર ભણે છે. આપણે જોઇએ છીએ કે ગાળ સામી ગાળ દેતાં મુક્કાબાજીનો પ્રસંગ આવે છે; મુક્કાબાજી-માંથી લાઠીઓ ઉચકાય છે; અને લાઠીઓ ઉચકાતાં ધારિયા તથા તરવારો રજૂ થાય છે, તેમજ પીસ્તોલ-તમંચાઓ તકાય છે. તેમાં ધારિયા-તરવારે એક વાર કોઈનું લોહી ચાખ્યું કે પીસ્તોલ-તમંચાએ એક વાર કોઇની છાતી ગોળીથી વીંધી નાખી કે એની અદાવત આગળ વધતી પેઢીઓ સુધી પહોંચે છે. એટલે ગાળની સામે ગાળ ન દેવી, એ જ સર્વ અનિષ્ટોને રોકવાનો સરલ અને સચોટ ઉપાય છે. તેથી જ સુધર્મના સૂત્ર-ધારોએ બુલંદ ઘોષણા કરીને કહ્યું છે કે—

**અવેરે જ શમે વેર, ન શમે વેર વેરથી.**

તાત્પર્ય કે-વધારે મજબૂત ટેન્કોથી, વધારે ઝડપી વિમા-નોથી, વધારે ઝેરી ગેસોથી, વધારે કાતિલ બોમ્બોથી અને વધારે ત્વરાથી મૃત્યુને નજીક આણનારા સાધનોથી તેમજ વધારે કુટિલ મુસદ્દીગીરીથી જગત્માં શાંતિ જાળવી રાખવાની

જે જાહેરાત આ મુસદ્દીઓ કરી રહ્યા છે, તે એક જાતની ભયંકર પ્રતારણા( છેતરપીંડી ) છે અને તેનો આખરી અંજામ અતિ બૂરો છે. જો બગલાઓનો સમૂહ માછલીઓને પકડવાની લાલચ રોકી શકે, જો બીલાડીઓનું ટોળું ઊંદરો પ્રત્યે રહેમદીલી બતાવવામાં સફલ થાય અને જો વાઘોનું વૃંદ હરણ તથા સસલા સાથે સમાન કક્ષાની મિત્રતા કેળવી શકે તો જ મુસદ્દીઓની આ જમાત જગત્માં શાંતિની સ્થાપના કરી શકે. તાત્પર્ય કે–આ જગત્માં શાંતિ સ્થાપવાનું કાર્ય તેમના સ્વભાવથી વિરુદ્ધ છે અને તેમના ગજા બહારનું પણ છે, તેથી કોઈ પણ કાળે તેઓ આ જગત્માં શાંતિ સ્થાપી શકવાના નથી. એ કાર્ય તો ધર્માત્માઓદ્વારા જ થઈ શકે કે જેમના દિલમાં દયાનો દીવડો સદા જળહળી રહ્યો છે, જેમના અંતરમાંથી સર્વ પ્રકારનો સ્વાર્થ સદાને માટે ભૂંસાઈ ગયો છે અને જેમનું હૃદય ન્યાય અને નીતિની ભાવનાથી ભરપૂર છે. ઇતિહાસ એ વાત પોકારીને કહે છે કે–આ જગતમાં શાંતિ સ્થાપવાનું કાર્ય કોઇએ પણ કર્યું હોય તો તે ધર્મની ચિરાગ પ્રકટાવનારા ધર્મનાયકોએ કર્યું છે. તેમના પગલે ચાલનારા સાધુ–સંતોએ જ કર્યું છે.

## (૧૨) રાજ્યની આબાદીનો આધાર ધર્મ છે.

રાજ્યનાં તંત્રો એક વાર રાજાઓદ્વારા ચાલતાં હતાં, પણ તેમણે અધર્મનું આચરણ કર્યું, ન્યાયને નેવે મૂક્યો અને સ્વાર્થસાધનામાં તત્પરતા બતાવી. આથી તેમના હાથમાંથી સત્તા છીનવાઇ ગઈ. હવે એ તંત્રનો દોર રાજકીય પક્ષોએ

હાથમાં લીધો છે. તેઓ પ્રજાને જણાવે છે કે 'અમે તમારા જ બંધુઓ છીએ અને તમારા હિતની સતત ચિંતા કરીએ છીએ, માટે અમને જ મત આપો અને અમને જ ધારાસભાઓમાં ચૂંટી કાઢો. અમે ત્યાં બેસીને એવા કાયદાઓ ઘડીશું કે જેથી તમને પારાવાર લાભ થશે અને તમારી સર્વ પ્રકારે ઉન્નતિ થશે.' તેમના આ વચનોમાં વિશ્વાસ રાખીને પ્રજા તેમને મત આપે છે અને ચૂંટીને ધારાસભાઓમાં મોકલે છે, જ્યાં તેઓ બહુમતીમાં આવતાં પોતાનું પ્રધાનમંડળ રચે છે અને દેશનો કારભાર પોતાને હસ્તક લે છે. આથી પ્રજા આનંદમાં આવી જાય છે અને પોતાની ઉન્નતિ શીઘ્ર થશે એવી આશામાં દિવસો પસાર કરવા લાગે છે. પણ ઉન્નતિ જલદી આવતી નથી, તે વખતે પ્રજા તેમને પૂછવા લાગે છે કે 'આનું કારણ શું?' ત્યારે તે કુશલ રાજદ્વારી પુરુષો જવાબ આપે છે કે 'ધીરજ ધરો. એમ ઉતાવળે આંબા પાકે નહિં.' આથી લોકો ધીરજ ધરવાનું અને થોડો વખત રાહ જોવાનું પસંદ કરે છે, તેમ છતાં ઉન્નતિનાં દર્શન થતાં નથી, એટલે તેમને ફરી પૂછે છે કે 'ઓ મહાનુભાવો! અમારી ઉન્નતિ હજી સુધી કેમ થતી નથી?'

એ પ્રશ્નના ઉત્તરમાં રાજદ્વારી પુરુષો કહે છે કે 'અમે કંઇ નવરા બેસી રહેતા નથી. તમારા હિત માટે રાતદિવસ ચિંતા કરીએ છીએ, માટે થોભો અને રાહ જુઓ.' પરંતુ લોકોની સ્થિતિ સુધરવાને બદલે દિન-પ્રતિદિન બગડતી જાય છે અને તેમની હાલાકીમાં વધારો થાય છે, ત્યારે તેઓ પોકાર કરીને પૂછે છે કે 'ઓ દેશનાયકો! આમ કેમ? ક્યાં ગયાં

તમારાં વચનો ? અને ક્યાં ગઈ તમારી ખાતરીઓ ? શું તમે સત્તાનાં સિંહાસનો સર કરવા માટે જ અમારી પાસે મતની ભિક્ષા માગતા હતા ? ' તે વખતે દેશનાયકો આંખ લાલ કરીને જણાવે છે કે ' ઓ દેશબાંધવો ! તમે આમ ઉદ્ધત ન બનો. અમે તમારાં હિતનાં અનેક કામો કરી રહ્યા છીએ. જુઓ અમે આ બીલ પસાર કર્યું, તે બીલ પસાર કર્યું, અમુક કાયદામાં સુધારો કર્યો, અમુક કાયદાઓ રદ કર્યા અને હજી પણ નવાં નવાં બીલોનો વિચાર કરી રહ્યા છીએ. એનું મહત્ત્વ તમને એકદમ નહિ સમજાય. બાકી સો એ સો ટકા એ તમારા હિતનું છે. વળી જો તમે અમને ચૂંટી કાઢ્યા ન હોત તો સત્તાનો દોર અમુક પક્ષના હાથમાં ચાલ્યો જાત અને તે આ દેશમાં એવી અંધાધુંધી અને એવી અરાજકતા ફેલાવત કે તમે 'ત્રાહિ ત્રાહિ' (?) પોકારત. આ કંઇ જેવી તેવી સિદ્ધિઓ નથી.'

આ ઉત્તરની સામે શું કહેવું તે સામાન્ય લોકોને સૂઝતું નથી, પણ તેમાંનાં કોઇ કોઇ તેમને પૂછે છે કે ' તમે અમુક બીલ પસાર કર્યું ને અમુક બીલ પસાર કર્યું, તેમાં અમારો દહાડો શું વળ્યો ? અમને જોઈતું અન્ન મળતું નથી, અને જે મળે છે તે ઘણું જ ખરાબ મળે છે ! વળી વસ્ત્રની તંગી છે અને જે કાપડ રાજ્ય તરફથી આપવામાં આવે છે, તે ઘણું જ ઓછું હોવાથી અમારાં અંગ પૂરતાં ઢંકાતાં નથી ! તે ઉપરાંત અમને રહેઠાણની પણ તંગી છે ! જાનવરોના તબેલા માટે પણ અયોગ્ય ગણાય તેવા રહેઠાણોમાં અમારે રહેવું પડે છે અને તેની આસપાસ ગંદકીનો સુમાર નથી ! તેમજ કોઈ કામપ્રસંગે અમે સરકારી કચેરીઓમાં જઇએ છીએ તો કોઈ

અમારી વાત સાંભળતું નથી અથવા ધક્કા ખવડાવીને અમારો દમ કાઢી નાખે છે. શું આ પરિસ્થિતિમાં તમે સુધારો કરી શકો તેમ નથી?'

તે વખતે એ દેશસેવકો કહે છે કે 'અનાજ ઓછું પડતું હોય તો વધારે શાકભાજી ખાઓ! શકરિયા અને ગાજર ઘણાં સ્વાદિષ્ટ હોય છે અને તેમાં વિટામીન પણ ઘણું હોય છે માટે તેનો ઉપયોગ કરો. વળી અઠવાડિયામાં એક દિવસ ખાવાનું બંધ રાખો એટલે શરીરની શુદ્ધિ થશે અને આરોગ્યની રક્ષા થશે. આ શિખામણ અમે તમારા હિતને માટે આપી રહ્યા છીએ, બાકી અમે તો અમારો બનતો પ્રયત્ન કરી રહ્યા છીએ! જુઓ અમે 'વધારે અનાજ વાવો' ની હિલચાલ ઉપાડી છે, મોટી મોટી નહેરો ખોદાવી રહ્યા છીએ અને વીજળિક બળ ઉત્પન્ન કરવા નદીઓ આડા બંધ બાંધી રહ્યા છીએ. વળી અન્ય દેશોમાંથી પણ અનાજ મંગાવવા માટે બનતું કરી રહ્યા છીએ.'

આ વખતે કોઇ ધૃષ્ટ માણસો એવો પ્રશ્ન કરે છે કે 'પરદેશમાંથી ધારેલા સમયે ધારેલું અન્ન ન આવે તો શું અમે ભૂખે મરીએ? અરે રે! અમુક માણસો બિચારા ભૂખમરાથી જ મરી ગયા!' તો આ કાયદાનિષ્ણાત પુરુષો તરતજ જણાવે છે કે 'અમુક માણસો ભૂખમરાથી મરી ગયા એમ કહેવું તદ્દન ખોટું છે, કારણ કે તેઓ ભૂખમરાથી મરી ગયા નથી, પણ મરણ સામે ટકી શકવા જેટલી શકિત ધરાવતા ન હતા, તેથી મરી ગયા છે. બાકી અમારી વ્યવસ્થામાં કોઇ ભૂખથી મરી જાય એ સંભવિત નથી.'

વસ્ત્રની તંગી ટાળવાનો ઉપાય દર્શાવતાં તેઓ જણાવે છે કે 'માણસને અંગ ઢાંકવા માટે કેટલું કપડું જોઇએ ? દશ વાર કપડું બસ છે. જો કરકસર કરો અને પોશાકની રીત-રસમમાં ફેરફારો કરો તો આટલું કપડું ઘણું ખુશીથી ચાલી શકે.'

રહેઠાણની બાબતમાં તેઓ જણાવે છે કે 'સ્વર્ગ સમા ગામડાં છોડીને દોઝખ જેવા શહેરમાં ભેગા થવાનું આ પરિણામ છે, માટે ગામડાઓમાં પાછા ફરો અને ત્યાંની ખુશનુમા હવા ખાઇને આરોગ્યનું રક્ષણ કરો.' જો કોઈ તેમને સામો પ્રશ્ન કરે છે કે 'ગામડાંઓ ભાંગીને ભૂકો થઇ ગયા છે, ત્યાં કંઇ કામ-ધંધો રહ્યો નથી, તેથી શહેરમાં ન ભરાઇએ તો શું કરીએ ?' તો સતત શહેરમાં રહેનારા આ રાજદ્વારી પુરુષો જણાવે છે કે 'ગામડાઓ ભાંગી ગયા નથી, પણ ત્યાં આળસ અને અજ્ઞાનનું જોર જામેલું છે, તેથી બેકારી જણાય છે. બાકી ગામડામાં રહીને બરાબર ધંધો કરો તો ઘણો સુંદર ચાલી શકે.'

અધિકારીઓની તુમાખી બાબતમાં શાંત્વન આપતાં તેઓ જણાવે છે કે 'અમે તેમને વધારે સભ્યતાથી વર્તવાના હુકમો આપી દીધા છે, હવે તેઓ તમારું માન બરાબર જાળવશે.'

આમ આશામાં ને આશામાં લટકતા લોકોના મુખ વાક્-ચતુરાઇથી બંધ કરી દેવામાં આવે છે અને પક્ષનું કામ ચાલ્યા કરે છે. એવામાં બીજી ચૂંટણીનો સમય નજીક આવે છે, એટલે રાજદ્વારી પુરુષો લોકોના વિશેષ સમાગમમાં આવે છે અને ભભકભર્યાં ભાષણોદ્વારા તેમની કલ્પનાશક્તિને આંજી

નાખે છે. તે સાથે તેમનાં નાણાનાં જોરે ચાલતાં કે તેમના આશ્રિત વર્તમાન-પત્રો પણ જોરશોરથી તેમનાં ગુણગાન કરવા લાગે છે અને લોકો આગળ ફરી એક વાર સ્વર્ગીય સુખનાં દશ્યો ખડાં કરવામાં આવે છે, પરંતુ એ સ્વર્ગીય સુખ કદી પણ પૃથ્વી ઉપર ઉતરતાં નથી ! અલબત્ત, તેનો અનુભવ તે રાજદ્વારી પુરુષોને થાય છે કે જેમણે આ બધા સમય દરમિયાન કુનેહથી અઢળક માલ-મિલકત એકઠી કરી લીધેલી હોય છે.

ધર્મનું પૂરેપૂરું મહત્ત્વ પિછાણનારા આર્ય મહર્ષિઓએ પ્રજા આબાદ બને તે માટે ધર્મ રાજ્યનો આદર્શ ઊભો કર્યો હતો કે જેમાં સહુને સત્વર ન્યાય મળી રહેતો, સહુની સલામતી સરખી રીતે જળવાઇ રહેતી અને સહુને પોતપોતાની રીતે વર્તવાની છૂટ રહેતી, તેના સ્થાને આજના વિજ્ઞાનપ્રેમી રાજદ્વારી પુરુષોએ ધર્મવિહીન રાજ્યનો આદર્શ ઊભો કર્યો છે અને વિજ્ઞાનની મદદથી દેશને આબાદ કરવાની હામ ભીડી છે ! તે માટે તેઓ વધારે મોટાં કારખાનાંઓ ખોલી રહ્યાં છે, મચ્છી વગેરે મારવાનાં હિંસક ઉદ્યોગો તો મોટા પાયા પર શરૂ થઈ ગયા છે. વધારે મોટી નહેરો ખોદાવી રહ્યા છે, વધારે મોટા બંધો બંધાવી રહ્યા છે અને વધારે અટપટા કાયદાઓ ઘડી રહ્યા છે ! તે ઉપરાંત તેઓ બીજું પણ ઘણું ઘણું કરી રહ્યા છે, પણ તે બધાનું પરિણામ શું આવ્યું છે ? લોકો પહેલા કરતાં વધારે દુઃખી થયા છે, પહેલા કરતાં વધારે તકલીફો ભોગવતા થયા છે તથા પહેલા કરતાં વધારે હાલાકીઓનો અનુભવ કરતા થયા છે. અને સહુથી વધારે ખરાબી તો એ થઈ છે કે તેમાં ગુંડાઓ અને મવાલીઓનું ચડી વાગ્યું છે,

તેમ જ ચોર–બહારવટીઆઓને સારી પ્રાવટ આવી ગઇ છે. દાખલા તરીકે સૌરાષ્ટ્ર દેશમાં ભૂપત નામનો એક બહારવટીઓ આજે બે વર્ષથી રંજાડ કરી રહ્યો છે. તેણે ૬૧ ઉપરાંત ખૂનો કર્યાં છે, સંખ્યાબંધ ધાડો પાડી છે અને અનેક નિર્દોષ માનવીઓની માલ–મિલકતો લૂંટી લઇને તેમને બેહાલ બનાવ્યા છે; છતાં સૌરાષ્ટ્રની સરકાર તેને પકડી શકતી નથી! બબ્બે વર્ષનાં વ્હાણાં વાય અને એક સુવ્યવસ્થિત ગણાતી સરકાર કે જેની પાસે પૂરતી પોલિસ અને પૂરતા સૈનિકો છે, તે એક બહારવટીઆને ન પકડી શકે એ શું બતાવે છે? એનો અર્થ એટલો જ છે કે–પોલિસો રાજ્યનો પગાર ખાય છે, પણ જરા જેટલું યે જોખમ ખેડવા તૈયાર નથી. સૈનિકોને ભારે ખર્ચે લશ્કરી તાલીમ અપાય છે, પણ તેઓ જાન–ફેસાનીં કરવા હરગીઝ તૈયાર નથી! તે જ રીતે તેના ઉપરી અધિકારીઓ અને રાજ્યની સલામતી માટે જવાબદાર પ્રધાનો અકર્મણ્યતાને-અધર્મને વરેલા છે, તેથી 'વધારે શું કરી શકીએ?' એવા નિર્માલ્ય ઉદ્ગારો કાઢીને બેસી રહે છે, પણ વધારે જલદ ઉપાયો યોજતા નથી કે પગ પર કૂહાડો મારતા નથી! આ સ્થિતિમાં પ્રજા સલામતી અને આબાદીની આશા કેવી રીતે રાખી શકે?

આ નવીન ધર્મવિહીન રાજ્યમાં વેપાર–વણજ અને ધંધા–રોજગાર પરત્વે પણ ઘણી જ વિચિત્ર સ્થિતિ પ્રવર્તે છે. જેઓ પ્રધાનો, મંત્રીઓ અને અધિકારીઓનાં સગાંવહાલાં, મિત્રો કે મળતિયાઓ હોય છે, તેમને જોઇતા પરવાનાઓ અને જોઇતી સગવડો તરત જ મળી જાય છે, જ્યારે સામાન્ય પ્રજાજનો કચેરીઓમાં આંટા ખાઇ ખાઇને થાકી જાય છે, છતાં

તેમનું ઠેકાણું પડતું નથી. આ સ્થિતિ સામે પ્રજાજનો તરફથી પોકાર ઊઠે છે ત્યારે અધિકારીઓ ઠંડા કલેજે જવાબ આપે છે કે ' આ બધી મહોંકાણ કાળા બજારિયાઓએ ઊભી કરી છે. ' પરંતુ કોઇ પણ વસ્તુનું કાળું બજાર રાજ્યના અમલદારોએ લાંચ-રૂશ્વત લીધા વિના કે ગુનેગારોને પકડવા માટે આંખ-મિંચામણાં કર્યા વિના ચાલ્યું છે ખરું ?

આ નવીન ધર્મવિહીન રાજ્યમાં ન્યાયના નામે જે નાટકો ભજવાઈ રહ્યાં છે, તે કોઇ પણ સહૃદય માણસને તિરસ્કાર ઉત્પન્ન કર્યા વિના રહી શકે તેમ નથી. મુદત ઉપર મુદતો, પૈસાનું પાણી, પૂરેપૂરી હાલાકી અને તેમ છતાં ન્યાયની કોઇ જ ખાતરી નહિ! જ્યાં પૈસાવડે ન્યાય ખરીદી શકાતો હોય ત્યાં તેવી ખાતરી મળે જ ક્યાંથી ?

એટલે જે રાજ્યતંત્ર ધર્મપરાયણતાથી વાસિત હોય અને દરેક અંગને પોતાનો ધર્મ પાળવામાં ઉત્સાહિત કરી શકતું હોય તે જ પ્રજાને આબાદીના શિખરે પહોંચાડી શકે છે.

## (૧૩) સમાજની સુવ્યવસ્થાનો આધાર ધર્મ છે.

સમાજની સુવ્યવસ્થાનો મુખ્ય આધાર અહિંસા, સત્ય, અચૌર્ય, લગ્નજીવનમાં સ્રીસંતોષ અને સંતોષની વૃત્તિ ઉપર છે. તેમાં ઓટ આવે કે મોટા પ્રમાણમાં ઘટાડો થાય તો સમાજની વ્યવસ્થા ઝપાટાબંધ તૂટી જાય. દાખલા તરીકે મનુષ્યો એકબીજાના વર્તન અંગે ખામોશ પકડવાને બદલે મારામારી કરવા લાગી જાય અને એકબીજાનું ગળું ટૂંપવાનો પ્રયત્ન કરે તો સમાજ ટકી શકે ખરો ? અથવા મનુષ્યો એક

બીજાને સાચી હકીકત કહેવાને બદલે જૂઠું બોલીને છેતરવાનો જ પ્રયત્ન કરતા હોય ત્યાં કોઇ પણ પ્રકારનો વ્યવહાર સંભવી શકે ખરો? અથવા મનુષ્યો પોતાની માલિકીની વસ્તુથી સંતોષ પામવાને બદલે એક બીજાની વસ્તુ ચોરી જવાનો ધંધો કરતા હોય ત્યાં કોઇ વસ્તુ સુરક્ષિત રહી શકે ખરી? તે જ રીતે મનુષ્યો પોતાની વિવાહિત સ્ત્રીથી સંતોષ ન પામતાં અન્યની સ્ત્રીને ભોગવવાની કામના અને કોશીષ કર્યા કરે તો એ સમાજ-માં શાંતિ જળવાય ખરી? અથવા પોતાના જીવન–વ્યવહાર માટે જરૂરી એવી માલ–મિલકતથી સંતોષ ન પામતાં પુષ્કલ માલ–મિલકત મેળવવાનો પ્રયત્ન કરતા હોય ત્યાં અથડામણ આવ્યા સિવાય રહે ખરી? તાત્પર્ય કે–સમાજમાં સુવ્યવસ્થા જાળવી રાખવા માટે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય કે લગ્નજીવન અને અપરિગ્રહ કે સંતોષ વૃત્તિ વગેરે ધાર્મિક ગુણો નિતાન્ત જરૂરી છે કે જેનો સચોટ ઉપદેશ સાધુસંતો અને ધર્માત્માઓ તરફથી નિરંતર થયા કરે છે. જગત્‌ના જાલીમ લૂંટારુઓ, ખલકના ખતરનાક ખૂનીઓ અને આલમના અઠંગ વ્યભિચારીઓ આવા મહાપુરુષોના પ્રતાપે જ ઠેકાણે આવ્યા છે અને પવિત્ર જીવન ગાળતા થયા છે.

સમાજની સુધારણાનો સાચો ઉપાય આ ગુણોની વૃદ્ધિ છે, તેના બદલે કેટલાક જડવાદી સુધારકો વર્ગ–વિગ્રહની ભાવના જગાડી રહ્યા છે, વધારે સંપત્તિવાન કે વધારે સત્તાધીશ પ્રત્યે દ્વેષ કરવાનું શીખવી રહ્યા છે અને બધું ભાંગી–ફોડી નાખ વાથી જ નવી સુંદર રચના થઇ શકશે, તેવી જાહેરાત કરી રહ્યા છે! તેનું પરિણામ એ આવ્યું છે કે–સ્વામી અને સેવકો

વચ્ચે અવિશ્વાસની ખાઇઓ ખોદાઈ ગઈ છે, શેઠ અને નોકર વચ્ચે ઈર્ષ્યાનો અગ્નિ ધખી રહ્યો છે, ગુણાનુરાગ અને ગુણવૃદ્ધિની વૃત્તિ મંદ પડી ગઇ છે. એટલે જ સમાજમાં સુવ્યવસ્થાની સ્થાપના કરવા માટે અનુભવી પુરુષોએ ધર્મની આવશ્યકતા સ્વીકારી છે.

## (૧૪) કર્ત્તવ્યપરાયણતા અને સદાચારનો આધાર ધર્મ છે.

તે જ મનુષ્ય કર્ત્તવ્યભ્રષ્ટ થાય છે કે જેને ધર્મપાલનમાં શ્રદ્ધા નથી. તે જ મનુષ્ય દુરાચારના ખાડામાં ગબડી પડે છે કે જેના હૃદયમાં ધર્મના સંસ્કારોનું બલ પ્રકટેલું નથી. બીજી રીતે કહીએ તો મનુષ્યના હૃદયમાં કર્ત્તવ્યની ભાવના જગાડનારો અને તેને ટકાવી રાખનારો ધર્મ છે; મનુષ્યને પોતાની ફરજોનું ભાન કરાવનારો ધર્મ છે અને હિતાહિતના વિવેકવડે આત્મબલ પ્રકટાવીને સદાચારમાં પ્રવૃત્ત કરાવનારો પણ ધર્મ છે.

આ છે ધર્મની ઉપયોગિતા, આ છે **ધર્મનું મહત્ત્વ**.

२

# કુધર્મ અને સુધર્મ

## (૧૫) સામાન્ય જનસમૂહની દશા

એક કવિએ કટાક્ષમય વાણીમાં કહ્યું છે કે—

" धर्मार्थं क्लिश्यते लोकः, न च धर्मं परीक्षते ।
कृष्णं नीलं सितं रक्तं, कीदृशं धर्मलक्षणम् ॥ "

જનસમૂહ ધર્મનું પાલન કરવા માટે વિવિધ પ્રકારની તકલીફો ને મુશીબતો ઉઠાવી રહ્યો છે, પણ તેના સારા-ખોટાપણાની કે યોગ્યાયોગ્યપણાની પરીક્ષા કરતો નથી. અરે! તેમાંનાં મોટા ભાગને એ ખબર પણ નથી કે ધર્મનું લક્ષણ કેવું હોય? કાળું, વાદળી, ધોળું કે રાતું? તાત્પર્ય કે-તેઓ કોઈ પણ જાતની ગતાગમ વિના ધર્મનું આચરણ કરી રહ્યા છે.

આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે—સામાન્ય મનુષ્યોને વિચાર કરવાની શક્તિ બહુ ઓછી હોય છે. કદી વિચાર કર-

વાની શક્તિ હોય છે, તો બહુ ઊંડા ઉતરવા જેટલી પુરસદ હોતી નથી; અને કદાચ ઊંડા ઉતરવા જેટલી ફુરસદ હોય છે તો સ્વતંત્ર નિર્ણય કરવા જેટલી તાકાત હોતી નથી. એથી જે પ્રકારનો ધર્મ પ્રાપ્ત થયો હોય છે તેને જ પકડી રાખે છે અને તેનું પાલન કરીને સંતોષ માને છે, પરંતુ આ સ્થિતિ ઇચ્છવા યોગ્ય નથી. તે માટે જ્ઞાની પુરુષોએ આપેલું રત્ન-ખાણનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે.

## (૧૬) રત્નખાણનું દૃષ્ટાંત

પાંચ માણસો ધન કમાવાને નીકળ્યા, પરંતુ ઘણું ઘણું રખડવા છતાં કશું ધન કમાયા નહિ. આખરે તેઓ એક અરણ્યમાં પેઠા, જ્યાં થોડુંક ચાલતાં એક લોઢાની ખાણ નજરે પડી. તેથી બધાને બહુ હર્ષ થયો અને ગાંસડીઓમાં 'લોઢું' બાંધી લીધું. અહીંથી તેઓ આગળ ચાલવા લાગ્યા ત્યારે તેમાંનાં એકે કહ્યું કે ' આપણને જે કંઇ મળવાનું હતું તે મળી ગયું. હવે આગળ જવાથી શો લાભ? માટે હું તો તમારી સાથે આવતો નથી.' અને તે ત્યાંથી જ પાછો વળ્યો.

આગળ જતાં એક ત્રાંબાની ખાણ જોવામાં આવી. તેથી હર્ષિત થઇને પેલા ચાર મનુષ્યોએ 'લોઢું' છોડી નાખ્યું અને 'ત્રાંબુ' બાંધી લીધું. અહીંથી તેઓ આગળ ચાલવા લાગ્યા ત્યારે તેમાંનાં એકે કહ્યું કે–' આપણને લોઢાની જગાએ ત્રાંબું મળ્યું. હવે આગળ જવાથી શો લાભ? માટે હું તો તમારી સાથે આવતો નથી. ' અને તે ત્યાંથી પાછો વળ્યો.

અહીંથી આગળ ચાલતાં રૂપાની ખાણ જોવામાં આવી, તેથી હર્ષિત થઇને પેલા ત્રણ મનુષ્યોએ 'ત્રાંબું' છોડી નાખ્યું અને 'રૂપું' બાંધી લીધું. પછી તેઓ આગળ ચાલવા લાગ્યા, ત્યારે તેમાંનાં એકે કહ્યું કે 'હવે બસ કરો. આપણને રૂપું મળ્યું તે કંઇ ઓછું નથી ! તેનાથી કેટલાક સમય સુધી આપણો નિર્વાહ નિશ્ચિંતપણે ચાલી શકશે, માટે હું તો તમારી સાથે આવતો નથી.' અને તે ત્યાંથી પાછો વળ્યો.

અહીંથી આગળ ચાલતાં સોનાની ખાણ જોવામાં આવી, તેથી હર્ષિત થઇને પેલા બે મનુષ્યોએ 'રૂપું' છોડી નાખ્યું અને 'સોનું' બાંધી લીધું. પછી તેઓ આગળ ચાલવા લાગ્યા, ત્યારે તેમાંનાં એકે કહ્યું કે 'આટલા સોનાથી આપણે જીવીશું ત્યાં સુધી સુખેથી ખાઈ-પી શકીશું, પછી આગળ વધવાની જરૂર શું ? માટે હું તો તારી સાથે આવતો નથી.' અને તે ત્યાંથી પાછો વળ્યો.

અહીંથી આગળ ચાલતાં રત્નની ખાણ જોવામાં આવી, તેથી પેલા મનુષ્યને ઘણો આનંદ થયો અને તેણે 'સોનું' છોડી નાખીને 'રત્નો' બાંધી લીધાં. પછી તે પોતાને ઘેર પાછો ફર્યો. આ રત્નો ઘણી ઊંચી કોટિનાં હોવાથી તે મોટો શ્રીમંત થયો અને સુખી બન્યો.

આ દૃષ્ટાંતનો સાર એ છે કે-જે મનુષ્યને રત્ન જેવા ઉત્તમ ધર્મની પ્રાપ્તિ કરવી છે, તેમણે 'લોઢા,' 'ત્રાંબા,' 'રૂપા' અને 'સોના' જેવા કનિષ્ટ ધર્મોથી સંતોષ ન પામતાં આગળ

વધવું જોઇએ અને જ્યારે તે પ્રાપ્ત થાય ત્યારે જ સંતોષ પામવો જોઇએ.

## (૧૭) કુત્સિત ધર્મનો ત્યાગ કરો.

એક ધર્મ બાપદાદાએ પાળ્યો તેટલા જ કારણે તેને સારો માની શકાય નહિ, કારણ કે બાપદાદાઓએ કરેલું બધું જ સારું કે સાચું હોતું નથી. સંભવ છે કે–તેમની ભૂલ પણ હોય. અથવા બાપદાદાએ જે કંઈ કર્યું તે બધું જ આપણે કરતા નથી તો ધર્મની બાબતમાં એ પ્રમાણે શા માટે વર્તવું? આપણા બાપદાદા લંગડા હોય તો આપણે લંગડા થતા નથી. આપણા બાપદાદા રોગી હોય તો આપણે રોગી થતા નથી. એટલે જે ધર્મનું પાલન કરી રહ્યા છીએ, તેની પરીક્ષા કરવી જોઇએ અને તેમાં જો એમ માલૂમ પડે કે તે સુધર્મ છે, તો તેને મક્કમતાથી વળગી રહેવું જોઇએ, પરંતુ પરિણામ તેથી વિરુદ્ધ દેખાય તો તેનો ત્યાગ કરતાં જરા પણ અચકાવું જોઇએ નહિ. જો કુપથ્યનો ત્યાગ કરવામાં આવે છે, કુગ્રામને છોડી દેવામાં આવે છે અને કુનરેન્દ્રની સેવાનો ત્યાગ કરવામાં આવે છે, તો કુત્સિત ધર્મને શા માટે પકડી રાખવો?

## (૧૮) સ્વધર્મ અને પરધર્મ

કેટલાક કહે છે કે 'સ્વધર્મમાં જીવવું સારું, પણ પરધર્મનો સ્વીકાર કરવો સારો નહિ, કારણ કે તેમાં ભય રહેલો છે.' આ માટે તેઓ '**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः**' એ શાસ્ત્રવચનને આગળ કરે છે. પરંતુ આ કથન સ્વધર્મ અને પરધર્મનું રહસ્ય સમજ્યા વિનાનું છે. 'સ્વધર્મ'

એટલે પોતાનો ધર્મ-આત્માનો ધર્મ, નહિ કે બાપદાદાની વારીથી ચાલતો આવેલો ધર્મ. અને 'પરધર્મ' એટલે પારકો ધર્મ-પુદ્દગલોનો ધર્મ, નહિ કે બીજા પાળી રહ્યા છે, તે ધર્મ. એટલે ઉક્ત શાસ્ત્રવચનનું રહસ્ય એ છે કે-'આત્મધર્મનું આરાધન કરતાં મરણને શરણ થવું પડે તે સારું પણ પુદ્દગલની રસિકતામાં જીવવું ખોટું, કારણ કે એ કલ્યાણને માટે ભયાવહ છે.'

## (૧૯) ધર્મની વ્યાખ્યા.

ધર્મની વ્યાખ્યા જુદા જુદા માણસો જુદી જુદી રીતે કરે છે. કોઇ કહે છે કે 'ધર્મ એટલે સ્વભાવ.' કોઈ કહે છે કે 'ધર્મ એટલે કર્ત્તવ્ય અથવા ફરજ' કોઇ કહે છે કે 'ધર્મ એટલે નીતિ.' કોઈ કહે છે કે 'ધર્મ એટલે સદાચાર'. કોઇ કહે છે કે 'ધર્મ એટલે પ્રભુભક્તિ.' કોઇ કહે છે કે 'ધર્મ એટલે દાન.' કોઇ કહે છે કે 'ધર્મ એટલે સુવિચાર'. કોઈ કહે છે કે 'ધર્મ એટલે સેવા.' કોઇ કહે છે કે 'ધર્મ એટલે જ્ઞાનોપાસના.' કોઇ કહે છે કે 'ધર્મ એટલે કુલાચાર.' કોઇ કહે છે કે 'ધર્મ એટલે શાસ્ત્રમાં બતાવેલો વિધિ-નિષેધ.' પરંતુ આ બધી વ્યાખ્યાઓ એક યા બીજી રીતે ખામીભરેલી છે અને તે ધર્મના મર્મને યથાર્થ રીતે દર્શાવતી નથી. 'ધર્મ એટલે સ્વભાવ' એમ કહેવાથી કોઈ ઉપયોગી હેતુ સરતો નથી, કારણ કે માણસો એમ પણ માને છે કે બધી વસ્તુઓનો ઉપભોગ કરવો તે આપણો સ્વભાવ છે. એ રીતે તો આપણે જે કંઇ કરી રહ્યા છીએ તે બધાનો સમાવેશ

ધર્મમાં થાય. 'ધર્મ એટલે કર્તવ્ય અથવા ફરજ' એમ કહેવાથી પણ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ રજૂ થતું નથી, કારણ કે મનુષ્યો કર્ત્તવ્ય અને ફરજ વિષે ઘણી ચિત્ર-વિચિત્ર માન્યતાઓ ધરાવે છે. કેટલાક એમ માને છે કે પશુઓનું બલિદાન આપવું તે કર્ત્તવ્ય છે. કેટલાક એમ પણ માને છે કે દેવને નરબલિ આપવો તે કર્તવ્ય છે. કેટલાક એમ માને છે કે કાર્યની સિદ્ધિ થતી હોય તો ગમે તેવો પ્રપંચ ખેલવો એ કર્ત્તવ્ય છે. કેટલાક એમ પણ માને છે કે શ્રીમંતોને લૂંટીને ગરીબોને દાન આપવું તે કર્તવ્ય છે. કેટલાક એમ માને છે કે પ્રજા ઉત્પન્ન કરવી તે કર્તવ્ય છે. કેટલાક એમ પણ માને છે કે મદ્યપાન કરવું એ કર્તવ્ય છે. 'ધર્મ એટલે નીતિ' એમ કહેવાથી પણ ધર્મનું સ્વરૂપ પૂરેપૂરું વ્યક્ત થતું નથી, કારણ કે નીતિ, દેશ અને કાળ પરત્વે અનેક પ્રકારની હોય છે અને તેમાં સારી-ખોટી બધી બાબતોનો સમાવેશ થઈ જાય છે. વળી નીતિનો હેતુ વ્યવહારમાં સરલતા મેળવવા પૂરતો જ હોય છે, જ્યારે જીવનના ગૂઢ પ્રશ્નો સંબંધી તે કંઈ જ પ્રકાશ પાડી શકતી નથી. 'ધર્મ એટલે સદાચાર' એ વ્યાખ્યા એકંદર ઠીક હોવા છતાં સદાચારનો અર્થ શું કરવો તે સ્પષ્ટ કરવાનું બાકી રહે છે, કારણ કે કેટલાક માણસો વારંવાર ન્હાવું-ધોવું એને જ સદાચાર કહે છે, તો કેટલાક માણસો બ્રાહ્મણોને જમાડવા અને તેમને દક્ષિણાઓ આપવી એને સદાચાર કહે છે. કેટલાક માણસો પીપળા વગેરેને પૂજવા તેને સદાચાર કહે છે તો કેટલાક માણસો ઉપવાસ કરીને કંદમૂળ વગેરેનું ભક્ષણ કરવું તેને સદાચાર કહે છે. 'ધર્મ એટલે પ્રભુભક્તિ' એ

વ્યાખ્યા પણ પર્યાપ્ત નથી, કારણ કે પ્રભુનું સ્વરૂપ અનેક પ્રકારે માનવામાં આવ્યું છે અને તેની ભક્તિ પણ વિવિધ પ્રકારે થાય છે. એટલે પ્રભુભક્તિ શબ્દથી શું સમજવું તે સ્પષ્ટ થતું નથી. 'ધર્મ એટલે દાન.' એવી વ્યાખ્યા પણ અધૂરી જ ગણાય, કારણ કે દાન તો સારા અને ખોટા એમ બંને પ્રકારે થઇ શકે છે. કેટલાક દાનો માત્ર કીર્તિ માટે જ થાય છે, કેટલાક દાનો અન્યાયથી ઉપાર્જિત કરેલી લક્ષ્મીવડે થાય છે અને કેટલાક દાનો માત્ર દેખાવ પૂરતા કે કોઇ સ્વાર્થના હેતુથી પણ થાય છે. વળી દાન સિવાય બીજા અનેક ગુણો એવા છે કે જેનો સમાવેશ ધર્મમાં થાય છે, તે આ વ્યાખ્યાથી બહાર રહી જાય છે. 'ધર્મ એટલે સુવિચાર' એમ કહેવું પણ યથાર્થ નથી, કારણ કે માત્ર સુવિચારો કરવાથી કંઈ વળતું નથી. સુવિચારોની સાથે સુવર્તનની પણ જરૂર પડે છે, એટલે વર્તનનો વિચાર આ વ્યાખ્યામાંથી બહાર રહી જાય છે. 'ધર્મ એટલે નિષ્કામ સેવા' એ વ્યાખ્યા પણ ભ્રામક છે, કારણ કે સેવાના નામે મેવા ખવાય છે અને ગમે તેવી સ્વાર્થી પ્રવૃત્તિઓને પણ સેવાનો સ્વાંગ સજાવી શકાય છે. વળી સેવા કરતાં પાપ કરવું પડે તો પણ કરાય એવો ભ્રમ લોકો સેવી રહ્યા છે તેથી સેવા શબ્દ ધર્મની અંતર્ગત રહેલો ભાવ સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકતો નથી. 'ધર્મ એટલે જ્ઞાનોપાસના' એમ કહેવાથી અનુષ્ઠાનો, ક્રિયાઓ અને વિધિ–વિધાનોનો નિષેધ થાય છે, કારણ કે જ્ઞાન અને ક્રિયા એ બે વસ્તુઓને વ્યવહારમાં ભિન્ન માનવામાં આવી છે. 'ધર્મ એટલે કુલાચાર' એ વ્યાખ્યા પણ બરાબર નથી, કારણ કે જુદા જુદા કુલોમાં જુદા જુદા પ્રકારનો આચાર

ચાલુ હોય છે અને તે બધો આચાર પ્રશસ્ત હોતો નથી. ધર્મ એટલે 'શાસ્ત્રમાં બતાવેલો વિધિ-નિષેધ' એમ કહેવું પણ વ્યાજબી નથી, કારણ કે શાસ્ત્ર અનેક પ્રકારનાં છે અને તેમાં ઉલટ-સુલટ વિધિ-નિષેધો પણ બતાવેલા છે.' એક શાસ્ત્ર રાત્રિએ ખાવાનો નિષેધ કરે છે, જ્યારે બીજું શાસ્ત્ર ચંદ્ર ઊગ્યેથી અમુક વિધિપૂર્વક ખાવાનો વિધિ બતાવે છે. એક શાસ્ત્ર સ્નાનાદિ શરીરસત્કારનો નિષેધ કરે છે, તો બીજું શાસ્ત્ર સ્નાન વગેરેને આવશ્યક ગણાવી તેનો અનેક પ્રકારનો વિધિ બતાવે છે. આમ ઉપર જણાવેલી ધર્મની વ્યાખ્યાઓ એક યા બીજી રીતે અપૂર્ણ હોવાથી '**પ્રાણીઓને દુર્ગતિમાં પડતાં ધારી રાખે-બચાવે તે ધર્મ**' એવી વ્યાખ્યા કરવામાં આવી છે અને તેનો ઈનકાર કોઇ પણ સુજ્ઞ કરી શકે તેમ નથી; કારણ કે દુર્ગતિમાં ન જવું પડે અથવા પોતાની દુર્ગતિ ન થાય તે સહુ કોઇ ઇચ્છે છે અને જે વિચારણા, માર્ગ, વિધિ-વિધાનો, ક્રિયાઓ કે અનુષ્ઠાનો દુર્ગતિને રોકતા હોય તેનો સ્વીકાર કરવામાં કોઇ જાતની હરકત કે કોઇ જાતનો વાંધો હોઈ શકે નહિ. તાત્પર્ય કે-ધર્મ એ દુર્ગતિને રોકવાનું સાધન છે માટે તેનો વિચાર, તેની પરીક્ષા એ દૃષ્ટિએ જ થવી જોઈએ.

## (૨૦) કુધર્મ અને સુધર્મની પરીક્ષા

ધર્મની પરીક્ષા કેવી રીતે કરવી તે સંબંધમાં શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે—

**" यथा चतुर्भिःकनकं परीक्ष्यते, निघर्षणच्छेदनतापताडनैः ।**
**तथैव धर्मो विदुषा परीक्ष्यते, श्रुतेन शीलेन तपोदयागुणैः ॥**

જેમ સોનાની પરીક્ષા (૧) **નિઘર્ષણ** (કસોટીના પત્થર પર ચડાવીને કસ લેવો અને તે પરથી તેની શુદ્ધતાની ખાતરી કરવી), (૨) **છેદન** (તેને છીણીવતી કાપી જોવું અને જેવું બહારથી દેખાય છે તેવું જ અંદરથી પણ છે કે કેમ? તેની ખાતરી કરવી), (૩) **તાપ** (તેને તપાવીને જોવું કે તેમાં કોઇ હલકી ધાતુનો ભેળ તો નથી થયો?) અને (૪) **તાડન** (તેને ટીપી જોવું કે તેનું પતરું સોનાની માફક ખૂબ બારીક થાય છે કે કેમ?) વડે કરવામાં આવે છે, તેમ ધર્મની પરીક્ષા પણ વિદ્વાનો ચાર રીતે કરે છે. તે આ પ્રમાણે: (૧) **શ્રુતેન**–શાસ્ત્રવડે. તેના અંગે પ્રતિપાદન થયેલાં શાસ્ત્રો કેવા છે? પ્રામાણિક કે અપ્રામાણિક? સંવાદવાળાં કે વિસંવાદવાળાં? સર્વજ્ઞોએ કહેલાં કે મનઃકલ્પિત? આ પરીક્ષામાં જો એમ માલૂમ પડે કે તેનાં શાસ્ત્રો અપ્રામાણિક, વિસંવાદવાળા અને મનઃકલ્પિત છે, તો જાણવું કે એના આધારે ચાલતો ધર્મ કુધર્મ છે અને તેથી વિપરીત જો એમ જણાય કે તેના શાસ્ત્રો પ્રામાણિક છે, એટલે કોઈ પણ જાતની ઘાલમેલ વિનાનાં છે, સંવાદી છે એટલે કે પૂર્વાપર વિરોધ વિનાનાં છે અને સર્વજ્ઞ-પ્રણીત એટલે સર્વજ્ઞોએ પ્રરૂપેલાં છે, તો જાણવું કે તેના આધારે ચાલતો ધર્મ સુધર્મ છે. (૨) **શીલેન**—શીલવડે. તે ધર્મ કેવા પ્રકારના ચારિત્રનો ઉપદેશ આપે છે? જો તે સદાચારનો ભંગ થાય તેવો ઉપદેશ આપતો હોય તો જાણવું કે તે કુધર્મ છે અને તેથી વિરુદ્ધ સદાચારની પુષ્ટિ કરતો હોય તો જાણવું કે તે સુધર્મ છે. કેટલાક ધર્મો એવું પ્રતિપાદન કરે છે કે–મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન એ

પાંચ મકારવડે શીઘ્ર મોક્ષ મળે છે! જ્યારે દક્ષિણાચારથી (વામાચારથી) એટલે સાત્ત્વિકતાને અનુસરવાથી મોક્ષ મળવામાં વિલંબ થાય છે. કેટલાક ધર્મો એમ પણ કહે છે કે કાંચલિયા ધર્મનું પાલન કરવાથી દેવી પ્રસન્ન થઈને શીઘ્ર મોક્ષ આપે છે! કેટલાક એમ પણ કહે છે કે ભગવાન ગોપીઓ સાથે રાસલીલા રમતા હતા, તેમ આપણે પણ સ્ત્રી-પુરુષોએ ભેગા થઈને રાસલીલા રમવી અને એક બીજાના પ્રેમમાં તરબોળ થવું. આ અને આવા પ્રકારના સિદ્ધાંતોનો પ્રચાર એ કુધર્મ છે અને તેના આરાધનનું ફલ દુર્ગતિ છે. વળી શીલનો અર્થ વ્યાપક લઈએ તો ઉદ્ધતાઈ, અસભ્યતા અને દૌર્જન્ય શિખવે તે કુધર્મ જાણવો અને વિનય, સભ્યતા અને સૌજન્ય શિખવે તે સુધર્મ જાણવો. અથવા અન્યાય અને અનીતિ શિખવે તે કુધર્મ જાણવો અને ન્યાય તથા નીતિ શિખવે એ સુધર્મ જાણવો. (૩) **तपसा**-તપવડે. જે ધર્મમાં તપ અને સંયમને યોગ્ય સ્થાન અપાયું ન હોય તે કુધર્મ જાણવો અને તેથી વિરુદ્ધ યોગ્ય સ્થાન અપાયું હોય તે સુધર્મ જાણવો. કેટલાક ધર્મો કહે છે કે શરીરને બહુ કષ્ટ આપવાથી શું? કારણ કે—

> "**मृद्वी शय्या प्रातरुत्थाय पेया,**
> **मध्ये भक्तं पानकं चापराह्ने ।**
> **द्राक्षाखण्डं शर्करा चार्धरात्रे,**
> **मुक्तिश्चान्ते शाक्यपुत्रेण दृष्टा ॥"**

'કોમળ શય્યા, સવારે ઊઠીને દુગ્ધપાન, મધ્યાહ્નકાલે ભોજન, પાછલા પહોરે મદિરાદિકનું પાન અને અર્ધરાત્રિએ

દ્રાક્ષાખંડ તથા સાકરનો ઉપભોગ–આવા પ્રકારના ધર્મથી શાકયપુત્ર–(ગૌતમ બૌદ્ધ)ને છેવટની મુક્તિ મળી હતી. કેટલાક યોગાશ્રમો (જેને ભારતવર્ષની પ્રજા સારા સમજી રહી છે તે પણ) તપ અને સંયમના નિયમોને બિલકુલ સ્થાન ન આપતાં સીધી આત્મસાક્ષાત્કારની વાતો કરે છે અને તે પ્રકારની યોગસાધના કરવા માટે જુવાન–વૃદ્ધ સ્ત્રી–પુરુષોને એકઠાં રાખે છે. આ બધાંયે કુધર્મનાં લક્ષણો સમજવાં, કારણ કે તેનું આખરી પરિણામ પતનમાં જ આવે છે. (૪) **दयागुणेन**–દયાગુણવડે. જે ધર્મ દયાના સિદ્ધાંતને ઠોકરે મારતો હોય કે તેનું યથાર્થ મહત્ત્વ ન પ્રકાશતો હોય તે કુધર્મ જાણવો અને તેથી વિપરીત જે ધર્મ દયાના સિદ્ધાંતને મહત્ત્વ આપતો હોય, તે સુધર્મ જાણવો. સંત તુલસીદાસે પોતાના દીર્ઘ અનુભવથી એ જ વાત ઉચ્ચારી છે કે— "**दया धर्म को मूल है, पापमूल अभिमान।**" એટલે જે ધર્મો એક યા બીજા બહાનાં નીચે હિંસાનું વિધાન કરે છે અને તેથી સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ થાય છે તેમ માને છે, એ કુધર્મો છે અને તેનો આશ્રય લેનારને ભવસાગરમાં ડૂબાડનારાં છે. હિંસક યજ્ઞો, માતાને અપાતાં બલિદાનો અને માન્યતા ખાતર અપાતાં પાડાં–બકરાં તથા કૂકડા વગેરેના ભોગો સુધર્મને મંજૂર નથી, કારણ કે તે પ્રત્યક્ષ અધર્મ છે અને તે જાતની હિંસા કરનારને માટે નરક સિવાય બીજી ગતિ નથી.

સુધર્મ અને કુધર્મની કસોટીનો ઉત્તર નિર્ગ્રંથ મહર્ષિઓએ પોતાની વિધાયક શૈલીમાં નીચે મુજબ આપ્યો છેઃ—

"धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥"

" અહિંસા, સંયમ અને તપ પર રચાએલો ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે એટલે કે સર્વ દુઃખોનું નિવારણ કરી મુક્તિસુખને અપાવનારો છે. જેના હૃદયમાં આવો ધર્મ વસે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે."

આ કથનનો ફલિતાર્થ એ છે કે 'જે ધર્મમાં હિંસાનું વિધાન છે, સંયમ પર ભાર નથી અને તપ માટે કોઈ જાતનો આગ્રહ નથી, તે વાસ્તવિક રીતે સર્વ દુઃખોને દૂર કરનારા ધર્મનું સ્થાન લઈ શકતો નથી; જ્યારે અહિંસા, સંયમ અને તપના સિદ્ધાંત પર રચાયેલો ધર્મ દુર્ગતિનાં બધાં કારણોને દૂર કરનારો હોઈ ઉત્કૃષ્ટ મંગલ છે.'

સુધર્મ અને કુધર્મની આ કસોટી ધ્યાનમાં રાખીને સુજ્ઞ-જનોએ પ્રચલિત ધર્મોની-પ્રચલિત સિદ્ધાંતોની કસોટી કરવી અને તેમાં જે ધર્મ-જે સિદ્ધાંતો આત્માને રાગદ્વેષ રહિત બનાવીને સકલ કર્મબંધનના છૂટકારારૂપી મોક્ષને અપાવવા માટે સમર્થ હોય તેમાં જ પ્રવૃત્તિ કરવી.

સુધર્મનું શરણ સ્વીકાર્યા સિવાય કોઈ કાળે મુક્તિ નથી.

: ૩ :

# સુધર્મની તાત્ત્વિક ભૂમિકા

## (૨૧) છ સ્થાન—છ સિદ્ધાંતો

જૈન મહર્ષિઓ જણાવે છે કે—

" अत्थि जिओ तह निच्चा, कत्ता भोत्ता य पुन्नपावाणं ।
अत्थि ध्रुवं निव्वाणं, तदुवाओ अत्थि छट्ठाणे ॥ "

छट्ठाणे–સુધર્મની ઉપયોગિતા–સુધર્મનું મહત્ત્વ સમજવા માટે તેની તાત્ત્વિક ભૂમિકારૂપ છ સિદ્ધાંતોનું મનન કરવું આવશ્યક છે. તે આ રીતે—

(૧) अत्थि जिओ–' આત્મા છે. '

(૨) तह निच्चा–' તે આત્મા નિત્ય છે–શાશ્વત છે. '

(૩) कत्ता पुन्नपावाणं–' તે આત્મા પુણ્યપાપનો એટલે કે સારાં–ખોટાં કર્મોનો કર્તા છે. '

( ૪ ) भोत्ता य–' તે આત્મા સારાં-ખોટાં કર્મોનો ભોક્તા પણ છે.'

( ૫ ) अत्थि धुवं निव्वाणं–' તે આત્મા સકલ કર્મમાંથી છૂટો થતાં અવશ્ય નિર્વાણ પામે છે–મોક્ષ મેળવે છે.'

( ૬ ) तदुवाओ अत्थि–' તે નિર્વાણ–મોક્ષ મેળવવાનો ઉપાય સુધર્મ છે.'

જો આ છ સિદ્ધાંતોનો મર્મ યથાર્થ રીતે સમજવામાં આવે તો કુતર્કનું મોં કાળું થાય, વિતંડાનો વાંસો તૂટી જાય અને તમામ કુત્સિત વાદો, કુત્સિત મતો અને કુત્સિત ધર્મોનો અંત આવી જાય એ નિર્વિવાદ છે.

## ( ૨૨ ) નાસ્તિકોની નફ્ટાઇ

નાસ્તિકોની નફ્ટાઇ શેને આભારી છે ? તેઓ કહે છે કે—

" यावज्जीवं सुखं जीवेदृणं कृत्वा घृतं पिबेत् ।
भस्मीभूतस्य देहस्य, पुनरागमनं कुतः ? ॥ "

" જીવો ત્યાં સુધી સુખેથી જીવો અને પાસે પૈસા ન હોય તો મિત્રો–દોસ્તો–સંબંધીઓ ગમે તેની પાસેથી ઉછીના લઈને પણ મેવા–મીઠાઈ જમો, કારણ કે આ દેહ બળીને ખાખ થઇ ગયા પછી તેનું આગમન ફરીને થવાનું નથી. અર્થાત્ પછી સારા ખોટાનો જવાબ કોઇને આપવાનો નથી."

" पिब खाद च चारुलोचने ! यदतीतं वरगात्रि ! तन्न ते ।
न हि भीरु ! गतं निवर्तते, समुदयमात्रमिदं कलेवरम् ॥ "

“હે સુંદર નેત્રોવાળી સ્ત્રી ! તું વ્રત–નિયમો કે સંયમની આરાધના કરવાને બદલે સુંદર ભોજનો જમ અને સ્વાદિષ્ટ પીણાંઓ પી. હે મનોહર અવયવોવાળી માનિનિ ! જે ગયું તે તારું નથી. એટલે મોજશોખ કરવાનો અવસર ચૂકીશ મા. વળી હે પ્રિયતમા ! જો તું પાપથી ડરતી હોય અને ‘ આ કરાય અને તે ન કરાય ’ એ જાતના ભયને આધીન થઈને યથેષ્ટ વિલાસ ન કરતી હોય તો તને જણાવી દઉં છું કે–આ દેહ એ પંચ ભૂતોનો સમુદાય છે પણ તેમાં આત્મા જેવી કોઈ વસ્તુ નથી કે જેને પાપનું ફળ ભોગવવું પડે.

નીતિનો નાશ કરનારી અને અનાચારને ઉત્તેજન આપનારી આ સડેલી શિખામણના મૂળમાં ‘ આત્મા નથી ’ એ માન્યતા જ કારણભૂત છે.

## (૨૩) જડવાદીઓના જુલમ

જડવાદીઓની જમાત જગત પર જે જુલમ વરસાવી રહી છે અને પોતાનું અભીષ્ટ સિદ્ધ કરવાને જે ભયંકર શસ્ત્રોનો ઉપયોગ કરી રહી છે, તેના મૂળમાં પણ ‘ આત્મા નથી, તે શાશ્વત નથી, તેને પુણ્ય–પાપનો બંધ નથી, અને મોક્ષ જેવી કોઇ વસ્તુ નથી ’ એ માન્યતા જ કારણભૂત છે. જો તેઓ આત્માને માનતા હોય. તેને શાશ્વત માનતા હોય, તેને પાપ–પુણ્યનો બંધ થાય છે, તેમ માનતા હોય અને ધર્મ–પાલનના પરિણામે તેની સકલ કર્મમાંથી મુક્તિ થાય છે તેમ માનતા હોય તો તેઓ સદોષ અને નિર્દોષ સહુની એક સરખી કત્લ શા માટે કરે ? મોટા અને નાના સહુને એક સરખી નિર્દયતાથી

શા માટે મારે ? વળી મનુષ્યની સાથે બીજા પણ અનેક નિર્દોષ પ્રાણીઓનો સંહાર શા સારુ નિપજાવે ? અને પોતાનું અભીષ્ટ સિદ્ધ કરવા માટે ગમે તેવાં કૂડ-કપટ અને જૂઠાણાંનો આશ્રય શા માટે લે ?

## ( ૨૪ ) આત્મા છે.

માટે જ જૈનમહર્ષિઓએ ' આત્મા છે ' એવા પહેલા સિદ્ધાંતનું એલાન (પ્રતિપાદન) કર્યું છે. પોતાના આ સિદ્ધાન્તના સમર્થનમાં તેઓ કહે છે કે " આત્માને દેહ કે ઇંદ્રિયો અથવા શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણ જાણી શકતા નથી; પરંતુ તે સૌ આત્માનીસત્તાપૂર્વક વર્તે છે. જો આત્માની સત્તાની પ્રેરણા ન હોય તો દેહાદિ સર્વ જડપણે પડ્યાં રહે છે. આવી જેની અસાધારણતા છે, તે ' **આત્મા** ' છે.

નિદ્રામાં કે સ્વપ્નમાં હોવા છતાં પણ તે નિદ્રાદિ અવસ્થાઓને જાણનાર કોઇક જુદો પદાર્થ છે, એમ સર્વનો અનુભવ છે. આવો જાણનારો જે પદાર્થ તે ચૈતન્યમય છે; અને તે જ ' **આત્મા** ' છે.

" જો જ્ઞાનગુણ એ દેહનો ધર્મ હોય, તો દુર્બળ દેહમાં પરમ જ્ઞાનબુદ્ધિ જોવામાં આવે છે અને સ્થૂળ દેહમાં અલ્પ જ્ઞાનબુદ્ધિ જોવામાં આવે છે, તેમ ન થવું જોઇએ; અર્થાત્ આ સંયોગોમાં સ્થૂલ શરીરમાં પરમ બુદ્ધિ અને કૃશ શરીરમાં અલ્પ બુદ્ધિ હોવી જોઇએ, પરંતુ તેમ થતું નથી. એટલે જ્ઞાન એ દેહનો ગુણ નથી; પરંતુ અન્ય કોઇ પદાર્થનો ગુણ છે અને તે જ ' **આત્મા** ' છે.

" જેમાં કોઈ કાળે જાણુવાનો સ્વભાવ ઉત્પન્ન થઈ શકતો નથી તે જડ; અને જે સદાય જાણુવાના સ્વભાવ સહિત છે, તે ચેતન. આમ જડ અને ચેતન બંનેનો સ્વભાવ અત્યંત ભિન્ન છે. તે બંને ભિન્ન સ્વભાવો એકપણું પામી શકે નહિ માટે દેહ અને આત્મા ભિન્ન છે. આમ છતાં દેહ અને આત્માની ભિન્નતા સમજાતી નથી તેનું મુખ્ય કારણ અનાદિ કાલનો દેહાધ્યાસ છે, એટલે કે દેહને જ આત્મા માની લેવાનો ભ્રમ છે."

આત્માની સિદ્ધિ બાબતમાં પ્રદેશી રાજાનું કથાનક ખાસ જાણુવા જેવું છે.

## ( ૨૫ ) પ્રદેશી રાજાનું કથાનક.

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનમાં કેશી નામના ગણુધર થયા, જેઓ શાંત, દાંત અને મહાતપસ્વી હતા. તેઓ એક વાર પોતાના વિશાલ સાધુસમુદાય સાથે શ્રાવસ્તી નગરીએ પધાર્યા. ત્યાં તેમનાં દર્શન અને વન્દન કરવાને તથા તેમનો અમૃતતુલ્ય ધર્મોપદેશ સાંભળવાને અનેક લોકો ભેગા થયા. તેમાં શ્વેતામ્બિકા નગરીનો પ્રધાન–સચિવ ચિત્ર પણુ સામેલ હતો. રાજ્યના કોઈ કામ પ્રસંગે તે આ નગરીમાં આવેલો હતો અને અનેક લોકોને આ તરફ આવતા જોઈને દર્શન–વંદન તેમજ ઉપદેશશ્રવણુ કરવાની ભાવનાથી આવ્યો હતો.

કેશી ગણુધરે પરિષદને ઉદ્દેશીને કહ્યું: ' હે ભવ્યજનો !—

" चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मिय वीरियं ॥ "

આ સંસારમાં જીવોને ચાર પરમ અંગોની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. પહેલું અંગ મનુષ્યત્વ, બીજું અંગ શાસ્ત્ર-શ્રવણનો યોગ, ત્રીજું અંગ શાસ્ત્રમાં પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતો પર શ્રદ્ધા અને ચોથું અંગ શ્રદ્ધાનુસારી વર્તનને વિષે વીર્યનો ઉલ્લાસ કે પુરુષાર્થ. એટલે પ્રથમ તો મનુષ્યત્વની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતાં કરતાં ઘણા કાળે અને ઘણા પરિશ્રમે પુણ્યના યોગે તે પ્રાપ્ત થાય છે, પરંતુ તે પ્રાપ્ત થયા પછી સત્-શાસ્ત્રોને સાંભળવાનો યોગ મળવો અતિ દુર્લભ છે. સત્‌શાસ્ત્રો એટલે પરસ્પર અવિરુદ્ધ વચનવાળા મોક્ષને અર્થે કહેવાયેલાં આપ્તપુરુષનાં વચનો. કદાચ તે કોઈપણ રીતે સાંભળવામાં આવે તો તેમાં વર્ણવેલા મનુષ્યજીવનને સફલ કરવાના ઉપાયો પર (ધર્મ પર) શ્રદ્ધા ચોંટવી અતિ દુર્લભ છે અને કદાચ તે પણ બની આવે તો તે શ્રદ્ધાનુસારી વર્તનને અંગે પરમ પુરુષાર્થ કરવો તે તો અતિ દુર્લભ છે."

"लभंति विउला भोगा, लभंति सुरसंपया ।
लभंति पुत्तमित्तं च, एगो धम्मो दुलम्भइ ॥"

પ્રાણીઓ આ જગતમાં વિપુલ ભોગો મેળવી શકે છે, વળી દેવતાઓની સંપત્તિ પણ પામી શકે છે અને મનગમતા પુત્ર અને મિત્રો પણ પ્રાપ્ત કરી શકે છે, પણ એક ધર્મ સહેલાઈથી પ્રાપ્ત કરી શકતા નથી.

માટે—

"भवकोटीदुष्प्रापामवाप्य नृभवादिसकलसामग्रीम् ।
भवजलनिधियानपात्रे, धर्मे यत्नः सदा कार्यः ॥"

ક્રોડો ભવમાં પરિભ્રમણ કરતાં ક્વચિત્ પામી શકાય તેવી મનુષ્યભવ વગેરે સર્વ સામગ્રી મેળવીને સંસાર–સાગરમાં નાવ સમાન એવા ધર્મ માટે સદાય પ્રયત્ન કરવો.

આ ધર્મ તીર્થંકર દેવોએ જીવદયારૂપ; સત્ય અને શૌચથી પ્રતિષ્ઠિત; સ્તેય( ચૌર્ય )વૃત્તિથી રહિત; બ્રહ્મચર્યથી વિભૂષિત; પરિગ્રહની નિવૃત્તિરૂપ; રાત્રિભોજનથી વર્જિત; મદ્ય અને માંસના ત્યાગરૂપ; વિનયથી ઉજ્જવલ; અનંતકાય અને અભક્ષ્યના ભક્ષણથી રહિત; મર્મવચન રહિત; ક્ષાંતિપ્રધાન; હૃદયની શુદ્ધિરૂપ; યથાયોગ્ય પાત્રના દાનાદિક ગુણની શ્રેણિથી વિરાજિત અને મોક્ષ પર્યંત પ્રૌઢ ફળો આપવામાં કલ્પવૃક્ષ સમાન કહેલો છે. ગુણનો આધાર જેમ વિનય છે તેમ ધર્મનો આધાર દેવાદિક ત્રણ તત્ત્વના શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ છે.

જ્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી જ પ્રાણીઓને સંસારસાગર દુસ્તર છે અને ત્યાં સુધી જ તીવ્ર દુઃખોનો ઉદય છે, માટે હે ભવ્ય પ્રાણીઓ ! તમે વીતરાગ ભગવાનમાં દેવની બુદ્ધિ રાખો, નિર્ગ્રંથ મુનિઓમાં ગુરુની બુદ્ધિ રાખો અને સર્વજ્ઞપ્રણીત સિદ્ધાંતોમાં ધર્મની બુદ્ધિ રાખો.'

સંતપુરુષનાં વચનો ઘણાં મધુર અને પ્રિય હોય છે, વળી ઉત્તમ પ્રકારની શિખામણથી ભરેલાં હોય છે; તેથી તેની અસર સચોટ અને શીઘ્ર થાય છે તથા તેનું અનુસરણ કરતાં અનુપમ–અવિચલ સુખની પ્રાપ્તિ થાય છે. શ્રીકેશી ગણધરના આ મધુર અને પ્રિય વચનોએ શ્રોતાઓના હૃદય પર ભારે

અસર કરી. તેમાંએ ચિત્ર મંત્રીના હૃદય પર તેણે અતિ ભારે અસર કરી અને તેની ધર્મભાવનામાં વૃદ્ધિ થઈ. તાત્પર્ય કે-તે જ ક્ષણે તેણે સમ્યક્ત્વ સાથે બાર વ્રતરૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. પછી ધર્મને પામેલા તે મંત્રીએ અતિ વિનયથી અંજલિબદ્ધ થઈને ગુરુને આ પ્રમાણે કહ્યું: ' હે ભગવંત ! હે કૃપાનિધાન ! અમારો રાજા પ્રદેશી શૂરવીર અને ધીર હોવા છતાં મહાન્ નાસ્તિક છે અને આત્મા, પુણ્ય-પાપ કે ધર્મને માનતો નથી, માટે આપ એક વાર શ્વેતામ્બિકા નગરી-એ પધારવાની કૃપા કરો. મને આશા છે કે-આપશ્રીના સમાગમથી તેના વિચારોનું પરિવર્તન થશે અને તે અતિવલ્લભ એવા સર્વજ્ઞધર્મને પામશે. '

મહાવ્રતને વરેલા મુનિઓ નિશ્ચયકારી ભાષાનો ઉપયોગ કરતા નથી, એટલે ગુરુએ પ્રત્યુત્તરમાં કહ્યું: ' જેવી ક્ષેત્રસ્પર્શના. ' કામ પૂરું થતાં ચિત્ર મંત્રી શ્વેતામ્બિકા નગરી પાછો ફર્યો. ત્યાં જઈને તેણે નગરના ઉદ્યાનપાલકને બોલાવીને કહ્યું કે: ' હે ભદ્ર ! હવે પછી ઉદ્યાનમાં કોઈ પણ ગુરુમહારાજ પધારે તો તેની પહેલી ખબર મને આપજે. હું તને સારી રીતે સંતુષ્ટ કરીશ. ' ઉદ્યાનપાલકને આવી સૂચના આપવામાં મંત્રીશ્વર ચિત્રનો હેતુ એ હતો કે-વખતે ગુરુમહારાજ પધારે અને તેની રાજાને ખબર પડે તો એ તેમનો તિરસ્કાર કરે અને રાજ્યની સરહદ છોડી જવાનું પણ ફરમાવે. અને જો તેમ થાય તો તેના માનસિક વલણનું પરિવર્તન કરાવવાની પોતાની મુરાદ બર આવે નહિ. તેના સ્થાને જો તેમના આગમનની ખબર પોતાને અગાઉથી પડી જાય તો ઉચિત પ્રબંધ કરી શકાય.

એક દિવસ ઉદ્યાનપાલકે આવીને મંત્રીશ્વરને જણાવ્યું કે 'હે બુદ્ધિનિધાન! પંચ મહાવ્રતના ધારણહાર, પંચ આચારના પાલણહાર, પાંચ સમિતિએ સમિત, ત્રણ ગુપ્તિએ ગુપ્ત, બ્રહ્મચર્યની નવ વાડોનું અનન્ય મનથી પાલન કરનાર, પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયોને જીતનાર, ચાર કષાયથી મુક્ત, ચાર જ્ઞાનથી યુક્ત, ધીર, વીર, ઉદાર, અનુપમ, સમતાના સંગી, સદા ઉમંગી, નિર્ગ્રંથ અને નિરારંભી એવા શ્રીકેશી નામના ગણધર આજે પ્રાતઃકાળમાં ઉદ્યાનને વિષે સમવસર્યા છે.'

આ શુભ સમાચાર સાંભળીને પરમ પ્રમોદ પામેલા મંત્રીશ્વરે તે ઉદ્યાનપાલકને યથેષ્ટ દાન આપ્યું અને સંતુષ્ટ કર્યો. પછી તે વિચારવા લાગ્યો કેઃ—

"वार्त्ता च कौतुकवती विशदा च विद्या,
लोकोत्तरः परिमलश्च कुरंगनाभेः ।
तैलस्य बिन्दुरिव वारिणि दुर्निवार–
मेतत्त्रयं प्रसरतीह किमत्र चित्रम्? ॥"

કૌતુકવાળા સમાચાર, નિર્મળ વિદ્યા અને કસ્તૂરીની લોકોત્તર સુગંધ એ ત્રણ જળમાં પડેલ તેલના બિંદુની જેમ જગતમાં દુર્નિવારપણે પ્રસરે છે, તેમાં કંઈ પણ આશ્ચર્ય નથી.

માટે રાજાને ગુરુના આગમનની ખબર પડી જાય તે પહેલાં હું જ તેને યુક્તિથી તેમની પાસે લઈ જઉં અને તેમનો સત્સંગ કરાવું. કહ્યું છે કેઃ—

"जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं,
मानोन्नतिं दिशति पापमपाकरोति ॥

चेतः प्रसादयति दिक्षु तनोति कीर्ति,
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ? ॥ ”

સત્સંગતિ બુદ્ધિની જડતા હરે છે, વાણીમાં સત્યતા આપે છે, માનપૂર્વક ઉન્નતિ કરે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન રાખે છે અને કીર્તિને સર્વત્ર વિસ્તારે છે. હે મિત્ર ! માણુસોને તે શું શું ફળ નથી આપતી ?

આમ વિચાર કરીને મંત્રીશ્વર ચિત્ર પ્રદેશી રાજા પાસે ગયો અને કહેવા લાગ્યો કે ‘ હે દેવ ! આજનો દિવસ અતિ રમણીય છે, કારણ કે ઋતુરાજ વસંતની સવારી આવી પહોંચી છે અને તેના છડીદાર સમો વનનો વાયુ પુષ્પોની સુગંધીથી તરબોળ બનીને મંદ મંદ વહી રહ્યો છે. વળી નર્તકી સમી વનવેલીઓએ નવ પલ્લવો ધારણ કર્યાં છે અને આમ્રશાખાઓ મંજરીથી શોભવા લાગી છે, માટે ચાલો આપણે અશ્વ-ક્રીડા કરીએ.

મંત્રીનું આ સૂચન રાજાને પસંદ પડયું, એટલે બંને જણા ઉત્તમ અશ્વો પર આરૂઢ થઇને ક્રીડા અર્થે નગર બહાર નીકળ્યા અને અનુક્રમે પેલા ઉદ્યાન નજીક આવી પહોંચ્યા કે જ્યાં શ્રી કેશી ગણધર સમવસર્યા હતા. આ ઉદ્યાનની શોભા જોવા તેઓ અશ્વ પરથી નીચે ઉતર્યા અને વૃક્ષો, લતાઓ, કુંજો તથા નાના નાના જલનિર્ઝરોને નિહાળતા એક વિશાળ વૃક્ષની છાયામાં ઊભા રહ્યા. એટલામાં ગુરુ મહારાજની દેશનાનો ધ્વનિ રાજાના કાને અથડાયો, એટલે તેણે કહ્યું–‘ મંત્રીશ્વર ! આવો સુંદર ધ્વનિ કોનો હશે ? ’

મંત્રીશ્વર ચિત્રે જવાબ આપ્યો. 'મહારાજ ! ધ્વનિ આ તરફથી આવતો જણાય છે, એટલે એ દિશામાં થોડા આગળ વધીશું તો તરત જ ખબર પડી જશે.'

રાજાએ કહ્યું:–' મંત્રીશ્વર ! તો ચાલો આપણે એ તરફ જઇએ.'

રાજા અને મંત્રી અવાજની દિશામાં થોડુંક જ ચાલ્યા કે તેમણે ઉપદેશ કરી રહેલા ધર્માચાર્યને જોયા. એ જોઇને રાજાને એક પ્રકારની ઘૃણા થઇ, તેથી તેણે કહ્યું–' મંત્રીશ્વર ! આ આચાર્ય આપણી પ્રજાને ધર્મનો ઉપદેશ કરતો જણાય છે, તે મને બિલકુલ પસંદ નથી, કારણ કે તે લોકોને ભરમાવવાની એક પ્રકારની જાળ છે; માટે તેને જલદી બહાર કાઢો કે જેથી લોકોની ખરાબી થાય નહિ.

આ જગતમાં—

"आज्ञाभङ्गो नरेन्द्राणां, गुरूणां मानखण्डना ।
वृत्तिच्छेदो द्विजातीनाम–शस्त्रवध उच्यते ॥"

રાજાઓની આજ્ઞાનો ભંગ કરવો, વડીલોનું અપમાન કરવું અને બ્રાહ્મણોની આજીવિકા તોડવી, એ શસ્ત્ર વિનાનો વધ કહેવાય છે.

તેથી રાજાના હુકમનો અમલ કરવા તત્પર હોય તે રીતે મંત્રીશ્વર ચિત્ર આગળ વધ્યો; પરંતુ થોડે દૂર જઈને પાછો ફર્યો અને જાણે કંઈ યાદ આવ્યું હોય તે રીતે કહેવા લાગ્યો કે–' હે દેવ ! આપણે આ આચાર્યને જો આવી રીતે આપણા

દેશની બહાર કાઢી મૂકીશું તો અન્ય દેશોમાં જઈને તે કહેશે કે 'શ્વેતામ્બિકાનો રાજા મૂર્ખ છે, તે કંઈ પણ જાણતો નથી, માટે વિદ્વાન્ અને ગુણી પુરુષોનું અપમાન કરે છે.' તેથી આપની અપકીર્તિ થશે.'

રાજાએ કહ્યું: 'તો મંત્રીશ્વર ! આપણે શું કરવું જોઈએ ?'

મંત્રીશ્વરે કહ્યું: 'મહારાજ ! આપ ચતુર છો, વિદ્વાન છો અને વાદવિવાદ કરવામાં એક્કા છો, તેથી આ આચાર્યની સાથે વાદવિવાદ કરો અને તેને નિરુત્તર બનાવી દો એટલે માનરહિત થવાથી તે પોતાની મેળે ચાલ્યો જશે.'

રાજાએ કહ્યું:–મંત્રીશ્વર ! ધન્ય છે તમારી બુદ્ધિને ! તમે આ ઉપાય બરાબર બતાવ્યો.

રાજા પ્રદેશી મંત્રીશ્વર ચિત્ર સાથે શ્રી કેશી ગણધર પાસે ગયો અને કહેવા લાગ્યો કે 'હે આચાર્ય ! તું અહીં ક્યારે આવ્યો છે ?'

નહિ વિનય, નહિ વંદન ! નહિ પ્રણામ, નહિ નમસ્કાર ! સીધો પ્રશ્ન અને તે પણ તોછડી ભાષામાં, છતાં ગુરુમહારાજ દિલના દરિયાવ હતા, તેથી તેમનું રુંવાડું સરખું ફરક્યું નહિ. તેમણે તો મહર્ષિને ઉચિત પ્રસન્નતાથી જ જવાબ આપ્યો કે– 'હે રાજન્ ! હમણાં જ.'

પ્રદેશી રાજાએ કહ્યું:–'હે આચાર્ય ! તેં ધૂર્તવિદ્યાનો ઊંડો અભ્યાસ કરેલો જણાય છે, અન્યથા આટલા બધા લોકોને કેવી રીતે ઠગી શકે ? વળી તારું મુખ જોતાં લાગે છે કે તું

કોઈ રાજપુત્ર છે, એટલે તને હિતભાવે જણાવું છું કે–આ પ્રકારનું ધત્તીંગ કરવાનું છોડી દઈને તું મારી સાથે ચાલ અને મારો માંડલિક બનીને ઇચ્છા મુજબ ઋદ્ધિ-સિદ્ધિને ભોગવ. ખરેખર ! આ તપ–જપનાં કષ્ટો તું ફોગટ જ ઉઠાવી રહ્યો છે ! તારા મનમાં કદાચ એમ હોય કે આ જાતનો વેશ રાખવાથી અને ક્રિયાકાંડો કરવાથી આત્માનો ઉદ્ધાર થશે, આત્માનું કલ્યાણ થશે, તો એ તારો ભ્રમ છે; કારણ કે આ જગત્માં આત્મા નામની કોઇ વસ્તુ જ નથી, પછી તેનો ઉદ્ધાર કે તેનું કલ્યાણ કરવાની વાત જ કયાં રહી ? મૂળ વિના શાખાની હસ્તી માનવી એ અવલ પ્રકારની મૂર્ખાઈ નહિ તો બીજું શું છે ?

હે આચાર્ય ! ‘ આ જગત્માં આત્મા નામની કોઈ વસ્તુ નથી ’ એવા નિર્ણય પર હું શાથી આવ્યો ? તે વાત તને એટલા માટે જણાવું છું કે તારો આત્મા વિષેનો સઘળો ભ્રમ ટળી જાય અને તું પાપ–પુણ્ય તેમજ સ્વર્ગ–નરકની ભાંજગડો કરતો અટકી જાય. હવે સાંભળ તે વાત.

( ૧ ) મારી માતા જેને દુનિયા ધર્મિષ્ઠ કહે છે, તેવી હતી, અને મારામાં ધર્મના સંસ્કારો પાડવા ખૂબ ખૂબ મથતી હતી, જ્યારે મારા પિતા જેને દુનિયા નાસ્તિક કહીને પોકારે છે, તેવા હતા અને મને ધર્મથી દૂર રાખવાનો પ્રયત્ન કરતા હતા. આમ છતાં તે બંનેમાં એક વાત સમાન હતી અને તે મારા પ્રત્યેની ચાહના. તે બંને મને એક સરખો ચાહતાં હતાં. હવે મારી માતા જ્યારે છેલ્લો શ્વાસ લેવા લાગી ત્યારે મેં કહ્યું કે ‘ હે માતા ! તેં આખું જીવન તારી માન્યતા મુજબનું ધાર્મિક જીવન ગાળ્યું છે, તેથી તારો વાસ સ્વર્ગમાં થવો

જોઈએ. હવે તું સ્વર્ગમાં ઉત્પન્ન થાય તો મને કહેવા આવજે કે તે સ્વર્ગ કેવું છે, જેથી મને પાપ-પુણ્યની પ્રતીતિ થાય અને હું પણ ધર્મનું આચરણ કરી શકું.' પછી મારા પિતા મરણપથારીએ પડ્યા ત્યારે અંતસમય નજીક જાણીને મેં કહ્યું કે 'હે પિતાશ્રી! તમે આ જીવનમાં કહેવાતા ધર્મનું કંઈ પણ આરાધન કર્યું નથી, તેથી તમારો વાસ નરકમાં થવો જોઇએ. હવે તમે નરકમાં ઉત્પન્ન થાઓ તો મને કહેવા આવજો કે તે નરક કેવું છે, જેથી મને પાપ-પુણ્યની પ્રતીતિ થાય અને હું પાપથી દૂર રહીને ધર્મનું આચરણ કરી શકું.

હવે તે બંનેના મૃત્યુ પછી મેં તેમના આગમનની ખૂબ ખૂબ રાહ જોઈ પણ મારા પ્રત્યે અતિ સ્નેહ દર્શાવનાર એ બેમાંથી કોઇ પણ આવ્યું નહિ, એટલે મેં નિશ્ચય કર્યો કે 'સ્વર્ગ અને નરકની વાત જૂઠી છે.'

(૨) એક વખત મેં દેહાન્તદંડની શિક્ષા પામેલા ચોરના શરીરના નાના નાના ટૂકડા કરાવીને જોયું કે તેમાં આત્મા ક્યાં રહેલો છે? પરંતુ તેમાંનાં કોઇ પણ ટૂકડામાં આત્મા મળ્યો નહિ. એટલે મેં નિશ્ચય કર્યો કે 'આત્મા નામની કોઇ વસ્તુ નથી.'

(૩) એક વખત મેં એક ચોરનું જીવતાં વજન કરાવ્યું ને ત્યાર બાદ મારીને વજન કરાવ્યું પણ તેમાં અંશ માત્ર ફેર જણાયો નહિ. જો આત્મા જેવી કોઇ વસ્તુ એના દેહમાંથી ચાલી ગઇ હોત તો તેનું વજન થોડું ઘણું પણ ઓછું થાત, પરંતુ તેવું કંઇ જ બન્યું નહિ; તેથી મેં નિશ્ચય કર્યો કે 'આત્મા નામની કોઇ વસ્તુ નથી.'

(૪) એક વખત એક ચોરને મેં વજ્રમય પેટીમાં પૂરાવ્યો ને પછી તે પેટી સજ્જડ બંધ કરાવી દીધી. પછી કેટલાક દિવસ બાદ તે પેટી ખોલાવીને જોયું તો તેમાંનો દેહ મરણ પામ્યો હતો અને તેમાં કીડા ઉત્પન્ન થઈ ગયા હતા. હવે તે પેટીમાંથી જો આત્મા બહાર નીકળ્યો હોત તો તે પેટી તૂટી જવી જોઈતી હતી કે જ્યાંથી તે નીકળી ગયો હોય ત્યાં કાણું પડવું જોઈતું હતું, પણ તેવું કંઇ પણ થયું ન હતું; તેથી મેં નિશ્ચય કર્યો કે 'આત્મા નામની કોઇ વસ્તુ નથી.'

(૫) વળી કોઈ મને પૂછતું કે 'મરણ પછી એવું શું થાય છે કે તેઓ બોલવાની, ચાલવાની, ખાવાની, પીવાની વગેરે ક્રિયાઓ કરી શકતા નથી?' ત્યારે હું કહેતો કે 'પાંચ ભૂતના વિચિત્ર સંયોગથી બોલવા, ચાલવા વગેરેની શક્તિ ઉત્પન્ન થાય છે. આ શરીરમાં ચામડી વગેરે પૃથ્વી છે, પ્રવાહી આંસુ, મૂત્ર વગેરે જળ છે, જઠર વગેરે અગ્નિ છે, શ્વાસોચ્છ્વાસ વગેરે વાયુ છે ને ખાલી સ્થાન આકાશ છે.

એ પાંચ ભૂતના વિચિત્ર સંયોગરૂપ આ દેહ ખાવાપીવા વગેરેથી પુષ્ટ થાય છે; સ્વચ્છ વાયુ, સૂર્યનો આતપ અને સ્વચ્છ સ્થાન વગેરે મળતાં સચવાય છે. તેનો ઉપયોગ ભૌતિક પદાર્થોને સારી રીતે ભોગવવા એ જ છે. આ પાંચના સંયોગમાં કંઈ પણ ફેરફાર થાય છે ત્યારે દેહ નરમ પડે છે અને જ્યારે કોઈનો પણ સંયોગ સર્વથા છૂટો પડે છે ત્યારે બોલવા-ચાલવા વગેરેની શક્તિનો નાશ થાય છે. પછી તે નાશ શસ્ત્રના આઘાતથી, અપથ્ય સેવનના વિકારથી કે બંધ સ્થાને ગોંધાઈ રહેવાથી એમ ગમે તે કારણે થયો હોય. જ્યારે આ શરીરમાંથી

બોલવા ચાલવા વગેરેનું સામર્થ્ય નાશ પામે છે ત્યારે તે તદ્દન નકામું થઈ જાય છે; માટે જ તેને બાળી નાખવામાં આવે છે, દાટી દેવામાં આવે છે કે નદી–સમુદ્ર વગેરેમાં પધરાવવામાં આવે છે.

આ પ્રમાણે ઘણા પ્રયોગો કર્યા પછી અને તે પર પુખ્ત વિચારો ચલાવ્યા પછી મેં છેવટનો નિર્ણય કર્યો છે કે ‘ આત્મા નામની કોઈ વસ્તુ નથી. ’ માટે હે આચાર્ય ! તું મારો આજ્ઞાંકિત માંડલિક બનીને સંસારના સર્વ ભોગો ભોગવ અને આ વ્યર્થ કડાકૂટ છોડી દે. ’

શ્રી કેશી ગણધરે કહ્યું: ‘ હે રાજન્ ! તારી વાત પરથી જણાય છે કે તેં આત્માનો નિર્ણય કરવા માટે પ્રયત્નો કર્યા છે, પરંતુ તે પ્રયત્નો જોઈએ તે પ્રકારના ન હતા એટલે કે પાંગળા હતા. જે વસ્તુનો જે સ્વભાવ હોય તેની તપાસ તે રીતે જ કરવી જોઈએ. દાખલા તરીકે પવન આંખવડે દેખી શકાતો નથી, તેથી કોઈ એમ કહે કે–પવન જેવી કોઇ વસ્તુ નથી, તો કહેનારનું એ કથન વ્યાજબી માની શકાય નહિ. તે પ્રમાણે આત્મા અરૂપી હોવાથી, તે દેખી શકાય નહિ માટે ‘ આત્મા નામની વસ્તુ નથી ’ એમ કહેવું તે ગેરવ્યાજબી છે. વળી આંખ સિવાય સ્પર્શેન્દ્રિયને અનુમાનથી જેમ પવન છે એવું નક્કી થાય છે, તેમ મનથી અને અનુમાનથી ‘ આત્મા છે ’ એવું સિદ્ધ કરી શકાય છે.

હે રાજન્ ! તેં કહ્યું કે–મારા પ્રત્યે અતિ સ્નેહ દર્શાવનાર માતાપિતા બેમાંથી કોઈ પણ મને કહેવા આવ્યું નહિ કે

'સ્વર્ગ આવું છે અને નરક આવું છે' તેથી મેં નિશ્ચય કર્યો કે 'સ્વર્ગ અને નરકની વાત જૂઠી છે.' પરંતુ તારો એ નિશ્ચય બરાબર કહેવાય નહિ; કારણ કે તેઓ ન આવ્યાં માટે તે વસ્તુ જ નથી એમ કહી શકાય નહિ. તેઓ ન આવવાનાં બીજાં અનેક કારણો હોઈ શકે છે.

આ વાત દૃષ્ટાંતવડે તને વધારે સ્પષ્ટ સમજાશે. માની લે કે કોઇ વાર તું પ્રવાસે નીકળ્યો અને રસ્તામાં એક દરિદ્રી મનુષ્યનો સમાગમ થયો. હવે એ સમાગમ દરમિયાન તારો એની સાથે સ્નેહ બંધાતાં તેં એને એવું જણાવ્યું કે 'હું એક રાજા છું ને અખૂટ સમ્પત્તિનો સ્વામી છું, માટે મારા નગરમાં આવીશ તો હું તને સુખી કરીશ.' હવે તું પ્રવાસથી પાછો ફર્યો અને તારા રાજકાજમાં ગુંથાઇ ગયો. તેટલામાં પેલો દરિદ્રી તારા નગરમાં આવ્યો. હવે તું એને મળતો નથી, તેથી પેલો દરિદ્રી પુરુષ વિચાર કરે છે કે 'મને તે દિવસે જે મનુષ્ય મળ્યો હતો તે ખરેખર રાજા ન હતો કે અખૂટ સંપત્તિનો સ્વામી ન હતો, કારણ કે તે જો એવો જ હોય તો શા માટે મને મળતો નથી અને સુખી કરતો નથી ?'

હે રાજન્! તે દરિદ્રી પુરુષનો આવો વિચાર વાસ્તવિકતાથી વિરુદ્ધ હોઇને અનુચિત અને અયોગ્ય છે; તે જ રીતે તારી માતા સ્વર્ગથી કહેવા ન આવી માટે જ સ્વર્ગ નથી એમ માનવું એ વાસ્તવિકતાથી વિરુદ્ધ હોઇને અનુચિત અને અયોગ્ય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—

" संकंतदिव्वपेमा, विसयपसत्ताऽसमत्तकतव्वा ।
अणहीणमणुअकज्जा, नरभवमसुहं न इंति सुरा ॥
चत्तारिपंचजोयण–सयाइं गंधो य मणुअलोगस्स ।
उड्ढं वच्चइ जेणं, न हु देवा तेण आवंति ॥ "

" સુન્દર સ્વર્ગના દિવ્ય પ્રેમમાં આસક્ત, વિષયોમાં લીન, પોતાના કાર્યોમાંથી જ નહિ પરવારેલા, કાંઈ ને કાંઇ કાર્ય કરવાવાળા, મનુષ્યને અનધીન કાર્યવાળા, (મનુષ્યને પરાધીન નહિ) એવા સ્વતંત્ર દેવતાઓ આ મનુષ્યલોકમાં આવતા નથી. વળી મનુષ્યલોકમાં દુર્ગંધ પુષ્કલ છે. તે દુર્ગન્ધ ચાર સો–પાંચ સો યોજન ઊંચે પહોંચે છે (પુદ્ગલોથી વાસિત થઇને) તેથી પણ દેવો આ મનુષ્યલોકમાં આવતા નથી. "

તીર્થંકરોના ચ્યવન–જન્મ–દીક્ષા–જ્ઞાન ને મોક્ષ વગેરે પ્રસંગે તેમના અલૌકિક પુણ્યથી આકર્ષાઇને, કોઈ તપસ્વી મુનિઓના તપપ્રભાવથી ને કોઇ ભાગ્યશાલી આત્માના યોગ્ય આરાધનથી દેવો મનુષ્યલોકમાં આવે છે પણ પ્રયોજન સિવાય આવતા નથી, માટે દેવસુખમાં આસક્ત થયેલ તારી માતા યોગ્ય આરાધનના અભાવે તેમજ તારા અલ્પ પુણ્યના કારણે તને કહેવા માટે ન આવી હોય તે પણ બનવાજોગ છે. તેથી સ્વર્ગ નથી એમ માનવું ખોટું છે. હે રાજન્! સ્વર્ગ અવશ્ય છે અને તે પુણ્ય કરવાથી પ્રાપ્ત થાય છે.

હવે તારા પિતા નરકમાંથી ન આવ્યા તે વાતનો વિચાર કરીએ. માની લે કે તારા રાજ્યમાં એક શેઠ છે. તે કુટુમ્બ-પરિવારનું પાલન સારી રીતે કરે છે અને પ્રમાણમાં સુખી છે,

પરંતુ વ્યસનને પરાધીન હોવાથી ચોરી કરે છે અને સિપાઇઓના હાથમાં સપડાય છે. તે વખતે સિપાઇઓ તેને દોરડાથી બાંધે છે અને તારી આગળ લાવવાની તૈયારી કરે છે. તે વખતે તેના કુટુંબીઓ કહે છે કે 'તમે તરત પાછા આવજો અને અમારું પાલન-પોષણ કરજો.' પરંતુ એ શેઠ તારી પાસે ગુનેગાર તરીકે હાજર થયેથી તું એને જીવનભરની જેલ આપે છે. તેથી પેલો શેઠ પાછો ફરતો નથી કે પોતાના કુટુંબને મળી શકતો નથી. તે જ રીતે તારો પિતા તારા પ્રત્યે ઘણો પ્રેમવાળો હોવા છતાં કર્મરાજાનો ગુનેગાર બનીને જીવનભર નરકની યાતના ભોગવતો હોય અને તે કારણે ત્યાંથી મનુષ્યલોકમાં આવીને તને કંઈ કહી શકે નહિ, તો શું એમ માની શકાય ખરું કે નરક જેવી કોઈ વસ્તુ જ નથી? રાજન્! એટલા જ કારણે એમ માનવું એ અનુચિત અને અયોગ્ય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—

" नरया दसविहवेयण-सी-उसिण-खुह-पिवास-कंडूहिं ।
परवस्सं जर-दाहं भय-सोगं चेव वेयन्ति ॥ "

નરકમાં ઉત્પન્ન થનાર આત્માઓ (૧) ઠંડી, (૨) ગરમી, (૩) ભૂખ, (૪) તરસ, (૫) રોગી(ખૂજલીવાળું) શરીર, (૬) પરતંત્રતા, (૭) વૃદ્ધાવસ્થા, (૮) દાહ, (૯) ભય અને (૧૦) શોક એમ દસ પ્રકારની વેદના ભોગવે છે.

આવી વેદના ભોગવતો તારો પિતા આ મનુષ્યલોકમાં આવીને તને કહી ન શકે તે માટે નરક નથી એમ માનવું એ મિથ્યા છે.

પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી, માંસનું ભક્ષણ કરવાથી, વ્યભિચાર વગેરે ખૂરાં કામો કરવાથી, તેમજ મહાઆરંભ અને મહાપરિગ્રહમાં આસક્ત થવાથી પ્રાણીઓ નરકમાં ઉત્પન્ન થાય છે અને ઉપર જણાવી તેવી અકથ્ય વેદનાઓ અનુભવે છે.

આ કારણથી જ બુદ્ધિમાન પુરુષોએ નિર્ણય કર્યો છે કે '**दुःखं पापात् सुखं धर्मात्**' 'દુઃખ પાપવડે થાય છે અને સુખ પુણ્યવડે-ધર્મવડે થાય છે.' આ રીતે પાપ અને પુણ્ય સિદ્ધ હોવાથી તેને કરનારો, તેનાં ફળો ભોગવનારો અને તેમાંથી છૂટનારો '**આત્મા**' પણ સિદ્ધ છે.

(૨) હે રાજન્! અરણિના લાકડામાં અગ્નિ હોય છે તે વાત જગપ્રસિદ્ધ છે (કારણ કે તેને સામ-સામા ઘસતાં જ અગ્નિ ઉત્પન્ન થાય છે), પરંતુ તે ક્યાં રહેલો છે, તે જોવા માટે એ લાકડાના નાના નાના ટૂકડા કરવામાં આવે અને પછી તપાસવામાં આવે તો શું એ અગ્નિ દેખાશે ખરો? હવે તે રીતે અગ્નિ ન દેખાય તો શું એમ કહી શકાય ખરૂં કે- 'અરણિના લાકડામાં અગ્નિ નામની કોઈ વસ્તુ નથી?' જો કોઇ મનુષ્ય આવું કથન કરે તો તે સર્વથા અયોગ્ય અને અવિશ્વસનીય જ ઠરે. તેમ જીવંત દેહના ટૂકડા કરવા અને તે ટૂકડાને તપાસતાં આત્મા ન જણાય તો એમ કહેવું કે- 'તેમાં આત્મા જેવી કોઈ વસ્તુ નથી' એ કથન પણ અયોગ્ય અને અવિશ્વસનીય જ ગણાય.

હે રાજન્! હર્ષ, શોક, ભય, આનંદ, સુખ, દુઃખ વગેરે જેમ અનુભવી શકાય છે પણ નરી આંખે જોઈ શકાતા નથી

તેમ આત્મા પણ અનુભવી શકાય છે પરંતુ નરી આંખે જોઈ શકાતો નથી.

હે રાજન્ ! જીવંત શરીરના ટૂકડા કરવા અને તે ટૂકડામાં આત્માને નિહાળવાનો પ્રયત્ન કરવો એ આત્મદર્શનનો સાચો ઉપાય નથી. તાત્પર્ય કે–જ્ઞાની પુરુષોએ જપ, તપ, ધ્યાન વગેરે જે વિશિષ્ટ ઉપાયો બતાવ્યા છે, તેના દ્વારા જ સાચું આત્મદર્શન થઈ શકે છે.

( ૩ ) હે રાજન્ ! રબરની બે કોથળી આપણી સામે પડેલી હોય, તેમાં એક ખાલી હોય ને બીજી પવનથી ભરેલી હોય અને તેનું વજન કરતાં બંને કોથળી સમાન લાગે તો એમ કહી શકાય ખરું કે બીજી કોથળીમાં પવન જ નથી ? આમ કહેવું એ વાસ્તવિકતાથી વિરુદ્ધ હોઈને અપ્રામાણિક છે. તે જ રીતે મૃત શરીર અને જીવંત શરીરનું વજન સરખું લાગે તેટલા માત્રથી એમ કહેવું કે તેમાં આત્મા નામની કોઈ વસ્તુ નથી એ વાસ્તવિકતાથી વિરુદ્ધ હોઈને અપ્રામાણિક છે.

હે રાજન્ ! વજન કે ગુરુત્વ એ પુદ્‌ગલ એટલે જડ-પદાર્થોનો ધર્મ છે અને તે વ્યક્ત થવાને માટે સ્પર્શની અપેક્ષા રહે છે. એટલે કે જ્યાં સુધી એક વસ્તુનો સ્પર્શ થાય નહિ કે તેને કોઇ પણ રીતે પકડી શકાય નહિ ત્યાં સુધી તેનું વજન થઈ શકતું નથી. અને તે જ કારણે પવન અને પ્રકાશ જેવા પદાર્થો અમુક વજનવાળા હોવા છતાં અવ્યક્ત સ્પર્શના કારણે તેમનું યથાર્થ વજન થઈ શકતું નથી, તો પછી જે પદાર્થ પુદ્‌ગલથી સર્વથા ભિન્ન છે અને જેનો સ્પર્શ જ થઈ શકતો નથી કે જેને

કોઈ પણ રીતે પકડી શકાતો નથી, તેનું વજન કેવી રીતે થઈ શકે ? મતલબ કે–વજનદ્વારા આત્માની પ્રતીતિ કરવાનો પ્રયત્ન કરવો એ ભૂલભરેલી રીત હોઇ તેમાં સફલતા મળવાનો સંભવ નથી.

( ૪ ) હે રાજન્! ચારે બાજુથી બંધ હોય અને જેમાં પવન પણ પેસી શકે તેમ ન હોય તેવી મોટી પેટીમાં પેસીને જો કોઈ જોરથી શંખ વગાડે તો તેનો શબ્દ બહાર સંભળાય છે, છતાં તે પેટી તૂટી જતી નથી કે તેમાં કાણું પડતું નથી. તો શું એમ કહી શકાય ખરૂં કે તે પેટીમાં શંખ વાગ્યો જ નથી અને તેમાંથી શબ્દ બહાર નીકળ્યો જ નથી ? તે જ રીતે પેટીમાં પૂરાયેલા દેહમાંથી આત્મા ચાલ્યો ગયો હોય અને તે તૂટી ગઈ ન હોય કે તેમાં કાણું પડયું ન હોય તો શું એમ કહી શકાય ખરું કે તેમાં આત્મા જ હતો નહિ અને તે- બહાર નીકળ્યો નથી ?

હે રાજન્ ! પ્રકાશનાં કિરણો કાચની પેટીમાં માર્ગ, દ્વાર કે છિદ્ર ન હોવા છતાં તેમાંથી આવ–જા કરી શકે છે. વળી ધ્વનિ પણ ભીંતો, વૃક્ષો તથા પહાડ વગેરેને ભેદીને લોકના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચી જાય છે તો અરૂપી આત્મા ગમે તેવી વસ્તુઓને વીંધીને આરપાર નીકળી જાય તેમાં આશ્ચર્ય શું ? તાત્પર્ય કે–આત્મા ગમે તેવી વસ્તુઓ અને ગમે તેવા વાતાવરણને ભેદી શકતો હોવાથી અવ્યાહત–ગતિવાળો છે.

( ૫ ) હે રાજન્ ! તેં એમ જણાવ્યું કે ' પંચભૂતના મળવાથી બોલવા–ચાલવા–ખાવા–પીવા વગેરેની શક્તિ ઉત્પન્ન

થાય છે અને જગત્‌ના સર્વ વ્યવહારો ચાલે છે, માટે આત્મા માનવાની જરૂર નથી,' તે પણ યોગ્ય નથી; કારણ કે પંચભૂતના સંયોગ માત્રથી જ બોલવા–ચાલવા વગેરેનો વ્યવહાર થતો હોય અને તેનું નિયંત્રણ કરનાર કોઈ સચેતન પદાર્થ ન હોય તો ગ્રામોફોન–ચૂડી–વાજાની જેમ તે સતત બોલ બોલ જ કરે અથવા યંત્રના પૈડાંની માફક સતત હાલ હાલ જ કરે. પરંતુ અમુક સમયે જ બોલવું ને અમુક પ્રકારનું બોલવું, અમુક વખતે જ ચાલવું ને અમુક રીતે જ ચાલવું, અમુક કાળે જ ખાવું–પીવું ને અમુક જ ખાવું–પીવું વગેરે વ્યવસ્થિત વ્યવહાર સંભવે નહિ. એટલે વ્યવસ્થિત વ્યવહાર માટે પંચભૂતોની શક્તિ ઉપરાંત સચેતન નિયન્તાની જરૂર પડે છે અને તે જ આત્મા છે.

હે રાજન્! આ રીતે આત્મા સિદ્ધ છે એટલે જ તેના ઉદ્ધાર માટે, તેના કલ્યાણ માટે હું ધર્મનું આરાધન કરું છું. પરમ તત્ત્વ પામવા માટે એના સિવાય અન્ય કોઈ માર્ગ નથી, અન્ય કોઈ ઉપાય નથી. એ મંગલમય માર્ગનું શરણ સ્વીકારીને તું મળેલા માનવભવની સાર્થકતા કર.'

શ્રી કેશી ગણધરનાં આ વચનોએ પ્રદેશી રાજાના અંતરમાં વ્યાપેલા મિથ્યાત્વના (અજ્ઞાનના) ગાઢ અંધકારને ભેદી નાખ્યો. અને સમ્યક્ત્વના (સમ્યગ્જ્ઞાનના) સૂર્યને પ્રકાશિત કર્યો. એ પ્રકાશમાં તેને આત્મા દેખાયો, પાપ–પુણ્ય દેખાયાં અને તેના ભોગવવાનાં સ્થાનરૂપ સ્વર્ગ અને નરક પણ દેખાયાં. અને તેણે વિનયથી હાથ જોડીને કહ્યું: 'હે ભગવંત! માંત્રિકના

મંત્રથી જેમ પિશાચ ચાલ્યો જાય છે, તેમ આપના ઉપદેશથી મારા હૃદયમાં રહેલો મોહપિશાચ ચાલ્યો ગયો છે. હે મહર્ષિ ! સૂર્યનો ઉદય થતાં જેમ અંધકાર ચાલ્યો જાય છે, તેમ આપની દેશનાથી મારા અંતરમાં રહેલું અજ્ઞાન ચાલ્યું ગયું છે. હે કૃપાનિધાન ! આપનાં વચનો સાંભળીને મારી ખાતરી થઇ છે કે–આ જગત્‌માં તીર્થંકરોએ કહેલો ધર્મ શ્રેષ્ઠ છે, તેથી હું એનો સ્વીકાર કરવાને ઇચ્છું છું.' અને પ્રદેશી રાજાએ સમ્યક્ત્વ મૂળ શ્રાવકનો ધર્મ ગ્રહણ કર્યો તથા તેનું વિધિપૂર્વક આરાધન કરીને મૃત્યુબાદ દેવલોકમાં સૂર્યાભ નામે દેવ થયો.

## (૨૬) આત્મા શાશ્વત છે.

કેટલાક કહે છે કે 'यत् सत् तत् क्षणिकम्' 'વિશ્વમાં સર્વ પદાર્થો ક્ષણિક છે અને આત્મા સત્ છે, એટલે તે પણ ક્ષણિક છે. વળી એની વિશેષ સાબિતી એ છે કે–તે ક્ષણે ક્ષણે જુદા જુદા જ્ઞાનરૂપે જણાય છે. જો તે ક્ષણિક ન હોય તો આવું કેમ બની શકે ?' ક્ષણિકવાદીઓનો આ ભ્રમ ટાળવા માટે જૈન મહર્ષિઓએ 'આત્મા નિત્ય છે–શાશ્વત છે' એવા બીજા સિદ્ધાંતનું એલાન (પ્રતિપાદન) કર્યું છે. તેના સમર્થનમાં તેઓ જણાવે છે કે–

"જો આત્મા ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતો હોય તો એક ક્ષણે જે આત્માએ સારું કે ખોટું કર્મ કર્યું તેનું ફળ કોણ ભોગવે ? દોષ કરનારો એક આત્મા અને તેનું ફળ ભોગવનારો બીજો આત્મા તે કેમ બને ?

"વર્તમાન કાલે આત્માને સુખદુઃખનું જે સંવેદન થાય છે, તે શેના લીધે થાય છે ? જો કર્મ કર્યા વગર જ તેને

સુખદુઃખનું સંવેદન હોય તો કાર્ય-કારણના સિદ્ધાંતને બાધ આવશે અને અવ્યવસ્થા દોષ ઉત્પન્ન થશે. અથવા કર્મના લીધે જ તેને સુખદુઃખનું સંવેદન થતું હોય તો કર્મના બંધન કાળે આત્મા મૌજૂદ હતો તેમ માનવું પડશે.

" આત્માને ક્ષણિક માનતાં ભવની પરંપરા ઘટી શકતી નથી, એટલે કે પુનર્જન્મ અને પરભવનો અપલાપ થાય છે કે જે પ્રમાણસિદ્ધ છે.

" આત્માને ક્ષણિક માનતાં મોક્ષ પણ સંભવતો નથી, કારણ કે પ્રયત્ન એક આત્મા કરે અને તેનું ફલ બીજા આત્માને મળે તે કેમ બની શકે ? અથવા કરેલા પ્રયત્નનું ફલ પોતાને મળવાનું ન હોય તો એ જાતનો પ્રયત્ન કરે જ કોણ ?

" બાલવયમાં થયેલો અનુભવ યુવાવસ્થામાં સ્મૃતિમાં રહેલો જોવાય છે અને યુવાવસ્થામાં થયેલો અનુભવ વૃદ્ધાવસ્થામાં સ્મૃતિમાં રહેલો જોવાય છે. જો આત્મા નિત્ય ન હોય તો એ કેમ બની શકે ?

" માટે આત્મા નિત્ય છે-શાશ્વત છે અને તેથી જ તેને કર્મબંધ અને કર્મમાંથી મુક્તિ સંભવે છે."

## (૨૭) આત્મા કર્મનો કર્ત્તા છે.

કેટલાક કહે છે કે-આત્મા કર્મનો કર્ત્તા નથી, કારણ કે એમ માનીએ તો કર્મ એ આત્માનો ધર્મ ઠરે છે. વળી આત્મા તો અસંગ છે અને સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણની પ્રકૃતિઓ જ કર્મનો બંધ કરે છે. તે ઉપરાંત ઇશ્વર જીવને

કર્મ કરવાની પ્રેરણા કરે છે;* તેથી તે વાત ઇશ્વરની ઇચ્છા-રૂપ હોઈને આત્મા કર્મનો કર્ત્તા ઠરી શકતો નથી. આ કારણે આત્માને કર્મથી છૂટા કરવાનો પ્રયત્ન કરવાની જરૂર નથી.' સાંખ્ય, નવીન વેદાંત, નૈયાયિક, વૈશેષિક અને પાતંજલ આદિ દર્શનકારોએ માનેલા આ સિદ્ધાંતનું નિરસન કરવા માટે જ જૈન મહાત્માઓએ 'આત્મા પુણ્ય-પાપનો એટલે કે કર્મોનો કર્ત્તા છે' એવા ત્રીજા સિદ્ધાંતનું એલાન કર્યું છે, તેના સમ-ર્થનમાં તેઓ જણાવે છે કે—

"ચેતનની કર્મને પ્રેરણા ન હોય, તો કાંઇ જડ કર્મ સ્વતઃ કર્મના કર્ત્તા થઈ શકતા નથી; કારણ કે પ્રેરણારૂપ પ્રવૃત્તિ ચેતનમાં જ છે.

"વળી આત્મા કર્મ કરવાનું ન ધારે તો થઈ શકતાં નથી. એથી કર્મ એ જીવનો સ્વભાવ નથી પણ કાર્ય છે.

"આત્મા પોતાના સ્વભાવે અસંગ છે, તો પણ તેને અનાદિકાળનો કર્મનો સંબંધ હોવાથી સંબંધરૂપ પરભાવે કેવળ અસંગ નથી, કેમકે તે જો અસંગ હોત એટલે કે તેને કર્મનું કર્ત્તાપણું ન હોત, તો આત્માની પ્રતીતિ પહેલેથી જ હોત; જે ન હોવાથી જ તેને અનેક પ્રકારની શંકાઓ થયા કરે છે.

---

* "ईश्वरप्रेरितो गच्छेत्, स्वर्गं वा श्वभ्रमेव वा।
अन्यो जन्तुरनीशोऽय-मात्मनः सुखदुःखयोः॥"

"ઇશ્વરની પ્રેરણાથી જીવ સ્વર્ગમાં અથવા નરકમાં જાય છે, તેમજ ઇશ્વરની પ્રેરણા વિના આ જીવ પોતાને સુખ મેળવવામાં કે દુઃખ મેળવવામાં સમર્થ નથી."

"ઇશ્વરને જગત્‌નો અથવા કર્મનો કર્ત્તા કહેવો યોગ્ય નથી, કારણ કે ઇશ્વર તેને જ કહેવાય છે કે જે શુદ્ધ સ્વભાવવાળો છે, જ્યારે કર્મના કર્તૃત્વથી તે પરભાવવાળો ઠરે છે અને તેમ થતાં તેનું શુદ્ધ સ્વરૂપ ટકી શકતું નથી. આથી એમ માનવું જ ઉચિત છે કે–આત્મા પોતાના જ્ઞાનાદિ સ્વભાવરૂપ ભાનમાં હોય છે ત્યારે પોતાના સ્વભાવનો કર્ત્તા છે અને જ્યારે પોતાના સ્વભાવથી વિમુખ થઈ પરભાવમાં રમે છે ત્યારે કર્મનો કર્ત્તા છે."

## (૨૮) આત્મા કર્મનો ભોક્તા છે.

કેટલાક કહે છે કે 'આત્મા કર્મનો કર્ત્તા ભલે હોય, પરંતુ તે ભોક્તા હોય તેમ સંભવતું નથી; કારણ કે કર્મો જડ છે, એથી તેનાં ફલ આપવાનું તે ક્યાંથી સમજી શકે?' સાંખ્યાદિ જે દર્શનો આત્માને કર્મનો અભોક્તા માને છે, તેના નિરસનરૂપે જૈન મહર્ષિઓએ 'આત્મા પાપ–પુણ્યનો એટલે કે સારાં–ખોટાં કર્મનો ભોક્તા પણ છે' એવા ચોથા સિદ્ધાંતનું એલાન કર્યું છે. તેના સમર્થનમાં તેઓ કહે છે કેઃ–

"વાવે તેવું લણે અને કરે તેવું પામે એ ન્યાય જગત્‌માં પ્રસિદ્ધ છે. જો પાપ કરનારને તેનું બૂરું ફળ ભોગવવું પડતું ન હોય અને પુણ્ય કરનારને તેનું સારું ફળ પ્રાપ્ત થતું ન હોય તો પાપનો પરિહાર અને પુણ્યનું ઉપાર્જન કરે જ કોણ?

"વળી કર્મ બે પ્રકારનાં છે. એક ભાવકર્મ અને બીજાં દ્રવ્યકર્મ. આત્માને પોતાના સ્વરૂપની ભ્રાંતિ તે ભાવકર્મ છે; અને આ ભાવકર્મ તેટલા માટે ચેતનરૂપ છે; આ ચેતનરૂપ

ભાવકર્મને અનુસરી આત્માનું વીર્ય સ્ફુરાયમાન થાય છે અને તેમ થતાં તે દ્રવ્યકર્મ કે જે જડ છે તેની વર્ગણાઓને ગ્રહણ કરે છે. ઝેર કે અમૃત પોતાના સ્વભાવને જાણતા નથી એટલે શું તે પોતાનું કાર્ય કરતાં નથી ? તેનો ઉપયોગ કરનારને તે તે પ્રકારનું ફળ મળે જ છે. તે જ રીતે જીવે ગ્રહણ કરેલા અશુભ કર્મોનું ફળ અશુભ અને શુભ કર્મોનું ફળ શુભ મળે છે. તેમાં ઈશ્વરને વચ્ચે પડવાની જરૂર નથી."

## (૨૯) મોક્ષ અવશ્ય છે.

કેટલાક કહે છે કે 'આત્મા કર્મનો કર્ત્તા અને ભોક્તા ભલે હોય, પણ કર્મથી તેનો મોક્ષ થાય તે બનવાજોગ નથી; કારણ કે અનંતકાલ થયાં તેનામાં કર્મો કરવારૂપી દોષ રહેલો છે અને વર્તમાનકાલમાં પણ તે વિદ્યમાન છે એટલે શુભ કર્મ કરવાથી તે દેવાદિ ઉચ્ચ ગતિ મેળવે અને અશુભ કર્મ ભોગવવાથી નરકાદિ નીચ ગતિ પ્રાપ્ત કરે પણ સર્વથા કર્મ રહિત ન થાય.' આ માન્યતાનું નિરસન કરવા માટે જૈન મહર્ષિઓએ આત્મા સકલ કર્મમાંથી છૂટો થતાં અવશ્ય નિર્વાણ પામે છે–મોક્ષ મેળવે છે' એવા પાંચમા સિદ્ધાંતનું એલાન કર્યું છે. આ સિદ્ધાંતના સમર્થનમાં તેઓ કહે છે કેઃ—

"ખાણમાંથી નીકળેલા સોનાને માટી સાથે અનાદિકાલથી સંબંધ હોય છે. એવા સોનાને માટીથી જુદું પાડી શુદ્ધ બનાવી શકાય છે. તે જ પ્રમાણે આત્મા અનાદિ કર્મ સંયુક્ત હોવા છતાં તેને કર્મથી છૂટો કરી શકાય છે.

"આત્માને કર્મનું બંધન પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ રાગ

છે. જો તે રાગને બદલે સર્વથા ઉદાસીનતા પ્રકટે તો કર્મફલ છેદાઈ પરિણામે મોક્ષ પ્રકટી શકે. એ ઉદાસીનતા પ્રકટાવવી તે જીવની પોતાની તાકાતની વાત છે."

"શેકેલાં બીજ જેમ ફરીને ઊગી શકતાં નથી, તેમ દગ્ધ થઇ ગયેલાં કર્મો તેનાં ફલરૂપ ભવસંતતિ ઉત્પન્ન કરી શકતાં નથી. તેથી આત્માનો મોક્ષ સંભવે છે."

## (૩૦) મોક્ષપ્રાપ્તિનો ઉપાય સુધર્મ છે.

કેટલાક કહે છે કે 'આત્માનો, તેની શાશ્વતતાનો, તેની પુણ્ય-પાપ બાંધવાની અને ભોગવવાની શક્તિનો તથા તેમાંથી સર્વથા છૂટા થઈ શકવાની તાકાતનો સ્વીકાર કરીએ તો પણ મોક્ષને પ્રાપ્ત કરવાનો કોઈ અસરકારક ઉપાય હોય તેમ લાગતો નથી, કારણ કે કર્મો ઘણાં અને આયુષ્ય થોડું, ત્યાં તેનો સંપૂર્ણ છેદ કેમ થઇ શકે? વળી મોક્ષની વ્યાખ્યા જુદા જુદા ધર્મો જુદી જુદી રીતે કરે છે. જેમકે

(૧) 'दुःखात्यन्ताभावो मोक्षः।' 'દુઃખનો અત્યંત અભાવ એ મોક્ષ છે.'

(૨) 'परमानंदमयपरमात्मनि जीवात्मलयो हि मोक्षः।' 'પરમ આનંદમય પરમાત્માને વિષે જીવાત્માનું લય થવું એ જ મોક્ષ છે.'

(૩) 'अविद्यानिवृत्तौ केवलस्य सुखज्ञानात्मकात्मनोऽवस्थानं मोक्षः।' 'અવિદ્યાની નિવૃત્તિ થતાં સુખ અને જ્ઞાનાત્મક એવા આત્માનું કેવલને વિષે અવસ્થાન થવું એ મોક્ષ છે.'

( ૪ ) ' **पुरुषस्य स्वरूपेणावस्थानं मोक्षः।** ' 'પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન થવું એ મોક્ષ છે.'

( ૫ ) ' **अनुप्लवचित्तसंज्ञेति मोक्षः।** ' ' અનુપ્લવ એવા ચિત્તની સંજ્ઞા અર્થાત્ ચિત્તની નિરાકુલ અવસ્થા એ મોક્ષ છે.'

( ૬ ) ' **कृत्स्नकर्मक्षयो हि मोक्षः।** ' ' સકલ કર્મોનો ક્ષય તે મોક્ષ છે.'

વળી આ મોક્ષને પ્રાપ્ત કરવાના ઉપાયો સંબંધમાં પણ ભારે મતભેદ પ્રવર્ત્તે છે.

( ૧ ) કોઇ કહે છે કે ' ગુરુવચનમાં નિશ્ચય રાખવાવાળાનો મોક્ષ થાય છે.'

( ૨ ) કોઇ કહે છે કે ' ગુણાતીત વસ્તુના જ્ઞાનથી મોક્ષ થાય છે.'

( ૩ ) કોઇ કહે છે કે ' આકારનો નાશ અને નિરાકારની શૂન્યતા, આ બંને પક્ષોથી પૃથક્ વસ્તુના જ્ઞાનથી મોક્ષ થાય છે.'

( ૪ ) કોઇ કહે છે કે ' સકલ આગમશાસ્ત્રોમાં રહેલ વ્યાપક વિચારની સાધનાથી મોક્ષ મળે છે.'

( ૫ ) કોઇ કહે છે કે ' મનરૂપી પવનમાં ધ્યાનની ધારણા કરવાથી મોક્ષ થાય છે.'

( ૬ ) કોઇ કહે છે કે ' મહાવાકયના વિવરણવડે મોક્ષ મળે છે.'

( ૭ ) કોઇ કહે છે કે ' દૃષ્ટ અને અદૃષ્ટ ઉભયના જ્ઞાનનો અભાવ થવાથી મોક્ષ મળે છે.'

( ૮ ) કોઇ કહે છે કે ' મૌન અંગીકાર કરવાથી મોક્ષ મળે છે.'

( ૯ ) કોઇ કહે છે કે ' સ્વાત્માનંદનો બોધ થવાથી મોક્ષ મળે છે. '

( ૧૦ ) કોઇ કહે છે કે ' વિવિધ પ્રકારની તીર્થયાત્રા, જપ, તપ, દાન અને વ્રતોવડે મોક્ષ મળે છે. '

( ૧૧ ) કોઇ કહે છે કે ' ભક્તિથી જ મોક્ષ મળે છે. '

આ સંયોગમાં કોને મોક્ષ કહેવો અને તેનો સાચો ઉપાય શું છે ? તે જાણવાની કોઇ શક્યતા નથી; માટે મોક્ષનો ઉપાય નથી. " આ વિચારશ્રેણીનું નિરસન કરવા માટે જૈન મહર્ષિઓએ ' મોક્ષ મેળવવાનો ઉપાય સુધર્મ છે ' એવા છઠ્ઠા સિદ્ધાંતનું એલાન કર્યું છે. તેના સમર્થનમાં તેઓ કહે છે કે:—

" જ્યારે ' આત્મા છે ' ' તે નિત્ય છે–શાશ્વત છે, ' ' પુણ્ય–પાપ એટલે સારાં–ખોટાં કર્મોનો કર્ત્તા છે, ' ' તે સારાં–ખોટાં કર્મોનો ભોક્તા પણ છે ' ' અને તેમાંથી છૂટો થતાં નિર્વાણ એટલે મોક્ષ પામે છે ' ત્યારે ' **कृत्स्नकर्मक्षयो हि मोक्षः** ' ' સકલ કર્મનો ક્ષય તે જ મોક્ષ ' એ વ્યાખ્યા ઉચિત છે અને તેને જ દૃષ્ટિ સમક્ષ રાખીને મોક્ષમાર્ગને માટે પ્રયાસ કરવો ઘટે છે. વળી જુદા જુદા મતોમાં મુક્તિના જે ઉપાયો બતાવ્યા છે, તે આત્મસ્વરૂપનો યથાપ્રકારે નિશ્ચય થયેલો નહિ હોવાથી અપૂર્ણ છે અથવા તો ભ્રામક છે. આ સંયોગોમાં આત્મસ્વરૂપનો વિશદ બોધ ધરાવનાર જૈન મહર્ષિઓએ મોક્ષનો જે ઉપાય બતાવ્યો છે તે જ પ્રતીતિજનક ગણાય અને તેને જ અનુસરવા માટે પ્રયત્ન કરવો ઘટે. તેમણે કહ્યું છે કે **सम्यग्–दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः ।** ' ' સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. ' તેમાં તત્ત્વોનું

યથાર્થપણે શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન છે. તત્ત્વોનો યથાર્થ બોધ એ સમ્યગ્જ્ઞાન અને તત્ત્વો પૈકી હેયનો ત્યાગ તથા ઉપાદેયની આચરણા તે સમ્યક્ ચારિત્ર છે. આ સાધનોની પ્રાપ્તિ થવાથી ગમે તેવાં નિવિડ કર્મોનો નાશ થઈ શકે છે.

'કર્મો ઘણાં અને આયુષ્ય થોડું ત્યાં મોક્ષનો ઉપાય કેમ થઈ શકે?' એ શંકા અસ્થાને છે; કારણ કે કર્મો કરતાં આત્માની શક્તિ અનેકગણી વધારે છે, એટલે તે બળિયો થાય તો એક જ ભવમાં, એક જ વર્ષમાં, એક જ માસમાં, એક જ દિવસમાં કે એક ઘડીમાં પણ નરક વગેરે ગતિમાં ભોગવવા યોગ્ય ભયંકર એવા કર્મોનો નાશ કરીને મોક્ષમાં જવાની યોગ્યતા પેદા કરી શકે છે. આ વિષયમાં રાજર્ષિ પ્રસન્નચંદ્રનું ઉદાહરણ વિચારવા યોગ્ય છે.

## (૩૧) રાજર્ષિ પ્રસન્નચંદ્ર

એક વખત શ્રમણ ભગવંત મહાવીર અનેક નિર્ગ્રંથ મુનિઓ સાથે રાજગૃહી નગરીની બહાર આવેલા એક ઉદ્યાનમાં સમવસર્યા. તેમાં ત્યાગ અને વૈરાગ્યથી વિભૂષિત પ્રસન્નચંદ્ર નામે એક રાજર્ષિ પણ હતા. તેઓએ ઉદ્યાનના એક છેડે ઉગ્ર ધ્યાન લગાવ્યું. તે એ રીતે કે-એક પગ પર ઊભા રહ્યા, બે હાથોને ઊંચા રાખ્યા અને દૃષ્ટિ સૂર્યની સામે સ્થાપન કરી.

હવે મહારાજા શ્રેણિકને પ્રભુના આગમનની ખબર પડી એટલે તે પુર ઠાઠથી તેમના દર્શન કરવાને ચાલ્યા. તે વખતે રસાલાના મોખરે ચાલી રહેલા બે સિપાઇઓએ રાજર્ષિ પ્રસન્નચંદ્રને ધ્યાન ધરતા નિહાળ્યા, એટલે તેમાંનાં એકે કહ્યું કે 'ધન્ય છે આ મુનિવરને! એમના જેવું ઉગ્ર તપ કોણ કરી શકે?'

તે સાંભળીને બીજાએ કહ્યું કે ' અરે દોસ્ત ! આમાં તેમણે શું મોટું કામ કર્યું છે ? બિચારા બાળકને ગાદીએ બેસાડીને પોતે તપ કરવા ચાલી નીકળ્યા. અને રાજ્યનો બધો કારભાર મંત્રીઓને સોંપ્યો. હવે તે મંત્રીઓ એ બાળકનું કાસળ કાઢવાને તત્પર થયા છે, તેથી એને મારીને પોતનપુરનું રાજ્ય લઈ લેશે અને એ રીતે તેનો કરુણ અંત આવશે. એટલે પોતાના બાળકનું હિત નહિ વિચારનારા એવા આ રાજર્ષિને હું અંતરથી ધિક્કારું છું ને કોઈને પણ આવો પિતા ન મળશો એમ ચાહું છું. '

એ સિપાઇઓ પસાર થયા પછી મહારાજા શ્રેણિક પણ ત્યાંથી પસાર થયા અને તેમણે રાજર્ષિ પ્રસન્નચંદ્રને આ રીતે તપ કરતા જોઈને ભક્તિભાવથી નમસ્કાર કર્યા. પછી તેઓ પ્રભુની પાસે ગયા અને ભક્તિભાવથી વંદન કરીને ઉપદેશ સાંભળવા લાગ્યા. ત્યાં અવસર જોઈને તેમણે પ્રશ્ન કર્યો કે ' હે પ્રભુ ! જ્યારે હું રાજર્ષિ પ્રસન્નચંદ્રને પગે લાગ્યો ત્યારે તેમણે કાળ કર્યો હોત તો તેઓ કઈ ગતિમાં જાત ? '

શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું: ' સાતમી નરકે. '

આ જવાબથી આશ્ચર્ય પામેલા મગધપતિએ ફરીને પ્રશ્ન કર્યો કે ' હે પ્રભુ ! જો તેઓ અત્યારે કાળ કરે તો કઈ ગતિમાં જાય ? '

શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું: સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય. '

આ જવાબથી વધારે આશ્ચર્ય પામેલા મગધપતિએ ભગવંતને કહ્યું: ‘પ્રભો! એમ કેમ?’

એવામાં દુંદુભિ વાગવા લાગી અને જય નાદો થવા લાગ્યા. તે સાંભળીને મગધપતિએ બીજો પ્રશ્ન કર્યો: ‘હે પ્રભો! આ દુંદુભિ શેની વાગી? અને જય નાદો શેના થાય છે?’

શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું: ‘હે રાજન્! રાજર્ષિ પ્રસન્નચંદ્રને કેવલજ્ઞાન થયું, તેથી દેવતાઓ દુંદુભિ વગાડે છે અને જય નાદ કરે છે.’

આ સાંભળી મગધપતિના મનનો ગુંચવાડો વધી ગયો. તેમણે કહ્યું: ‘પ્રભો! આ બધી ઘટના અતિ આશ્ચર્યજનક લાગે છે. એનું રહસ્ય શું છે, તે સમજાવવાની કૃપા કરો.’

તે વખતે શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું: ‘હે રાજન્! તું અહીં વંદન કરવાને આવતો હતો, ત્યારે તારા સિપાઈઓએ અરસપરસ વાતચીત કરી, તે એમના કાન પર પડી. તેથી એ પોતાનું ધ્યાન ચૂકયા અને વિચારવા લાગ્યા કે ‘અરે! જેના પર મેં અતિ વિશ્વાસ મૂકયો, તે જ આજે બેવફા અને નિમકહરામ નિવડ્યા કે મારા દૂધ-પીતા બાળકનું કાસળ કાઢીને રાજ્ય લેવા તત્પર થયા! જો અત્યારે હું ત્યાં હોત તો એ દુષ્ટોની બરાબર ખબર લઈ નાખત!’ આ રીતે તેમના મનમા ક્રોધનો ઉદય થયો અને તે પ્રતિક્ષણ વધતો જ ગયો. એમ કરતાં તેઓ પોતાનું સામાયિક વ્રત ભૂલી ગયા અને જાણે એ મંત્રીઓ પોતાની પાસે આવીને ખડા

થયા હોય અને લડાઈ કરવા લાગ્યા હોય તેવો ખ્યાલ પેદા થયો. એટલે પોતે જાતે તેમની સાથે મનથી ને મનથી જ લડાઈમાં ઉતર્યા અને એક પછી એક શસ્ત્ર વાપરવા લાગ્યા. એમ કરતાં તેમનાં બધાં શસ્ત્ર ખૂટી ગયાં, એટલે તેમણે વિચાર કર્યો કે 'મારા માથા પર લોહનો ટોપ પહેરેલો છે, તે ફેંકીને શત્રુના પ્રાણ લઉં.' આમ વિચારીને તેઓ અત્યંત ક્રોધાતુર થયા, તે જ વખતે હે રાજન્! તેં એમને પ્રણામ કર્યા હતા. પછી તેમણે મસ્તક પર જેવો હાથ મૂક્યો કે મૂંડેલું મસ્તક યાદ આવ્યું અને તેમનો ક્રોધ ઉતરી ગયો. તેઓ વિચારવા લાગ્યા કે 'મેં તો જીવનભરનું સામાયિક અંગીકાર કર્યું છે અને કોઇ પણ પ્રાણીની મન, વચન અને કાયાથી હિંસા કરવાનો ત્યાગ કર્યો છે, અને આ શું કર્યું? ખરેખર! હું ધર્મ-ધ્યાન ચૂકી ગયો અને રૌદ્રધ્યાનના સપાટામાં આવી ગયો! જ્યાં સર્વ જીવો પ્રત્યે મૈત્રી રાખવાની છે ત્યાં પુત્ર પ્રત્યે રાગ કેવો ને મંત્રીઓ પ્રત્યે દ્વેષ કેવો? હા, હા! મેં ઘણું જ ખોટું કર્યું! મારા એ દુષ્કૃત્યને ધિક્કાર હો! હું એની નિંદા કરું છું, એની ગર્હા કરું છું અને હું એ દુષ્ટ અધ્યવસાયો-માંથી મારા આત્માને પાછો ખેંચી લઉં છું.' હે રાજન્! તેઓ જ્યારે આ પ્રકારના વિચાર કરી રહ્યા હતા, ત્યારે જ તેં મને પ્રશ્ન કર્યો હતો, તેથી મેં કહ્યું હતું કે તેઓ અત્યારે કાળ પામે તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય. પછી એમના અધ્યવસાયોની શુદ્ધિ ચાલુ જ રહી અને તે ઉત્તરોત્તર આગળ વધતા છેલ્લી કોટિએ પહોંચી, તેથી તેમના ઘાતી કર્મોનો છેદ થયો અને તેમને જગતના સર્વ પદાર્થોના

સર્વસ્વરૂપો જોઈ-જાણી શકાય તેવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. હે રાજન્! આ વસ્તુ એમ બતાવે છે કે '**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।**' માનસિક વૃત્તિઓ અથવા ભાવ એ જ મનુષ્યના કર્મબંધનું તેમજ કર્મની વિમુક્તિનું કારણ છે, માટે હમેશાં પવિત્ર ભાવવાળા થવું, જેઓ પવિત્ર ભાવ કેળવવાનો નિરંતર પ્રયત્ન કરે છે તેઓ જરૂર મોક્ષસુખને પામી શકે છે.'

ચોર, લૂંટારાઓ, ખૂનીઓ અને વ્યભિચારીઓ પણ પોતાના પાપોનો ખરા અંતઃકરણથી પશ્ચાત્તાપ કરીને તથા સુધર્મનું આચરણ કરીને તે જ ભવમાં મોક્ષસુખના અધિકારી થયા છે, એટલે '**મોક્ષનો ઉપાય છે અને તે સુધર્મ છે,**' એમ માનવું દરેક રીતે યોગ્ય છે.

## ( ૩૨ ) ઉપસંહાર.

તાત્પર્ય કે—

'આત્મા છે' 'તે નિત્ય છે,' 'છે કર્તા નિજકર્મ;'
'છે ભોક્તા' 'વળી મોક્ષ છે, 'મોક્ષ ઉપાય સુધર્મ.'

આ છ સિદ્ધાંતો એ સુધર્મની સાચી તાત્ત્વિક ભૂમિકા છે અને તેની મર્યાદાનું ઉલ્લંઘન કરનારા સર્વ વાદો, મતો, દર્શનો કે ધર્મો અપૂર્ણ અને અધૂરાં હોઈ મોક્ષ અપાવવા માટે સમર્થ નથી.

તેથી જ એક મુમુક્ષુ આત્માએ નિરંતર એવો વિચાર રાખવો ઘટે છે કે—

દેવ જપું અરિહંતને, ગુરુ સેવું નિર્ગ્રંથ;
દયા ધર્મ પાળું સદા, એ મુક્તિનો પંથ.

દેવ તરીકે અરિહંતનું જ આરાધન કરીશ, ગુરુ તરીકે હું પંચ મહાવ્રતધારી નિર્ગ્રંથ મુનિને જ માનીશ અને ધર્મ તરીકે હું સર્વજ્ઞોએ કહેલા અહિંસાદિ ગુણોવાળા સિદ્ધાંતોને જ માનીશ; કારણ કે મુક્તિને મેળવવાનો એ જ સાચો માર્ગ છે.

इतिशम् ।

सुखार्थं सर्वभूतानां, मताः सर्वाः प्रवृत्तयः ।
सुखं नास्ति विना धर्मं, तस्माद्धर्मपरो भवेत् ॥

**અર્થ**—સર્વ પ્રાણીઓની સર્વ પ્રવૃત્તિઓ સુખને માટે જ માનેલી છે. અને તે સુખ ધર્મ વિના મળતું નથી, તેથી મનુષ્યે ધર્મમાં જ તત્પર થવું જોઈએ.

# પદાર્થની અનિત્યતા

**संपदो जलतरङ्गविलोला, यौवनं त्रिचतुराणि दिनानि ।**
**शारदाभ्रमिव चञ्चलमायुः, किं धनैः कुरुत धर्ममनिंद्यम्-॥**

**અર્થઃ**—સંપત્તિઓ જળના તરંગ જેવી ચપળ છે, યૌવન ત્રણ ચાર દિવસ રહેવાવાળું છે, આયુષ્ય શરદ ઋતુના વાદળાંની જેમ ચંચલ છે, પછી ધન ઉપાર્જન કરવાથી શું ? એના કરતાં પ્રશંસનીય ધર્મનું જ ઉપાર્જન કરો.

# ધર્મની મહત્તા

**धनदो धनार्थिनां प्रोक्तः, कामिनां सर्वकामदः ।**
**धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः ॥**

**અર્થઃ**—ધનના અર્થીઓને ધર્મ એ કુબેર જેવો કહ્યો છે, ધર્મ જ કામીઓના કર્મ કામને આપનાર કહ્યો છે, અને ધર્મ જ પરંપરાએ મોક્ષનો સાધક કહ્યો છે. અર્થાત્ અર્થ, કામ અને મોક્ષ ત્રણેયને ધર્મ મેળવી આપનાર છે.

# -: તુરત ગ્રાહક બનો :-

## સહુ કોઇ સમજી શકે તેવી શૈલી અને ભાષામાં તૈયાર થએલી

સહુ કોઈને વાંચવી ગમી જાય તેવી **ધર્મબોધ ગ્રન્થમાળાનાં**
૨૦ પુસ્તકોના ગ્રાહક બની જાવ.

જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાન્તો અને તેના આચારોને સુંદર ઢબે સમજાવતી, હરકોઇને ઉત્તમ જીવન જીવવામાં અતિ ઉપયોગી લગભગ એંસી એંસી પાનાની, આકર્ષક પુસ્તિકાઓ ૧ થી ૧૦ ની સંખ્યામાં બહાર પડી ગઇ છે. જેનાં નામ અનુક્રમે:—

**૧ ત્રણ મહાન તકો, ૨ સફળતાની સીડી, ૩ સાચું અને ખોટું (સ્યાદ્વાદ) ૪ આદર્શ દેવ, ૫ ગુરુ દર્શન, ૬ ધર્મામૃત, ૭ શ્રદ્ધા અને શક્તિ, ૮ જ્ઞાનોપાસના, ૯ ચારિત્ર વિચાર, ૧૦ દેતાં શીખો, એ છે.**

હવે બાકીની ૧૦ પુસ્તિકાઓ શીલ, તપ, ભાવ, ધ્યાન, યોગ વગેરે વિષયો ઉપરની બહાર પડનાર છે.

આ ગ્રન્થમાળા ધર્મ પ્રચારાર્થે, હજારો રૂપીઆની ખોટ સહન કરીને સસ્તી કીંમતે ધર્મ સેવા બજાવે છે તો જુદા જુદા વિષયો ઉપર લખાએલી આકર્ષક છપાઇ, દ્વિરંગી કલાત્મક ટાઇટલ, કુલ ૧૬૦૦ પાનાનું વાંચન, છતાં પોસ્ટેજ સાથે રૂા. ૧૨ માં ગ્રાહક થવા લખોઃ-

છુટક પુસ્તકો પણ મળી શકશે.

**-: ગ્રાહકો થવાનાં તથા પુસ્તક મેળવવાનાં ઠેકાણાં :-**

**શા. લાલચંદ નંદલાલ**
ઠે. રાવપુરા ઘીકાંટા–વડોદરા

**સી. શાંતિલાલ શાહની કું.**
ઠે. ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ–મુંબઇ

**સરસ્વતી પુસ્તક ભંડાર**
ઠે. રતનપોળ હાથીખાના,
અમદાવાદ

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
ઠે. ગુલાલવાડી ગોડીજીની ચાલ નં. ૧
મુંબઇ